# નિયમો અને શરતો

આ દસ્તાવેજમાં એ નિયમો અને શરતો દર્શાવવામાં આવ્યા છે, જે ઇક્વિટાસ સ્મોલ ફાઇનાન્સ બેંક (ધ બેંક/ESFB) માં હયાત કે ભવિષ્યમાં ખોલવામાં આવનાર એવા તમામ ખાતાઓ પર લાગુ થશે. શબ્દો, 'હું', 'મને', 'મારું' અને 'ગ્રાહક' એ ખાતું ખોલનાર વ્યક્તિ(ઓ)ના સંદર્ભે છે અને એમાં એકવચન તેમજ બહુવચન બંનેનો સમાવેશ થાય છે. પુલિંગ સંદર્ભમાં સ્ત્રીલિંગ અને નપુંસકલિંગનો પણ સમાવેશ થાય છે. ઇક્વિટાસ સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ, જે એક બેન્કિંગ કંપની છે જેની નોંધણી કંપની અધિનિયમ 2013 હેઠળ ભારતમાં કરવામાં આવી છે અને જેની રજિસ્ટર્ડ ઓફિસ 4થા માળે, ફેઝ II, સ્પેન્સર પ્લાઝા, નં.769, માઉન્ટ રોડ, અન્ના સલાઈ, ચેન્નાઈ, તામિલનાડુ, ભારત 600002 ખાતે આવેલી છે.

1. સામાન્ય - બધી સેવાઓ માટે લાગુ

1.1 હું મારા ખાતા સાથે સંબંધિત અને બેંકની વેબસાઇટ પર ઉપલબ્ધ નિયમો અને શરતો તથા કાયદામાં સમયાંતરે થતા ફેરફારો સાથે બેંકની હયાત નિયમો અને શરતો નું પાલન કરવા સંમત છું.

1.2 હું સંમત છું કે ખાતું ખોલવું અને ચાલુ રાખવું એ ભારતીય રિઝર્વ બેંક દ્વારા સમયાંતરે બનાવવામાં તથા સુધારવામાં આવતા નિયમો અને કાયદાઓને આધીન છે.

1.3 હું સંમત છું કે કોઈપણ ડિપોઝિટ ખાતું ખોલતા પહેલા બેંક "તમારા ગ્રાહકને જાણો" માર્ગદર્શિકા હેઠળ જરૂરી તપાસ કરશે. મારે KYC, AML અથવા અન્ય કાયદાકીય / નિયામક જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે જરૂરી દસ્તાવેજો જેવા કે ઓળખ, સરનામું, ફોટોગ્રાફ અને અથવા અન્ય માહિતીના પુરાવા રજૂ કરવાના રહેશે.

આ ઉપરાંત, ખાતું ખોલ્યા પછી, પ્રવર્તમાન નિયામક માર્ગદર્શિકાઓનું પાલન કરતા, નિયત સમયગાળે તથા બેંકની જરૂરિયાત પ્રમાણે ફરીથી આ દસ્તાવેજો રજૂ કરવા માટે મારી સંમતિ છે.

1.4 હું સંમત છું કે, સામાન્ય સંજોગોમાં, મને ઓછામાં ઓછા 30 દિવસની નોટિસ આપ્યા બાદ, બેંક કોઈ પણ સમયે મારું ખાતું બંધ કરવાની છૂટ ધરાવે છે.

1.5 હું સંમત છું કે બેંક પોતાની વિવેકાધિનતાથી મને ઓછામાં ઓછા 30 દિવસના નોટિસ આપીને અને/અથવા અન્ય સેવાઓ / સવલતોમાં બદલવાનો વિકલ્પ આપીને મારા ખાતામાં આપવામાં આવેલી કોઈપણ સેવાઓ / સુવિધાઓમાં સંપૂર્ણપણે અથવા આંશિકપણે ગમે ત્યારે સુધારો કરી શકે છે.

1.6 હું સંમત છું કે મારા ખાતાની સ્થિતિમાં અથવા સરનામામાં ફેરફાર થાય તો તરત જ બેંકને જાણ કરીશ, આમ કરવામાં અસફળ રહેવાથી સંદેશાવ્યવહાર / વિતરણ ન મળવા કે જૂના એડ્રેસ પર મળવા બદલ હું જવાબદાર રહીશ.

1.7 હું સંમત છું કે હું મારી ચેકબુક / ડેબિટ કાર્ડને કાળજીપૂર્વક સાચવીશ. ખોવાઈ જવા / ચોરી થવાના કિસ્સામાં, હું તરત જ લેખિતમાં બેંકને જાણ કરીશ.

1.7.1 જો બેંકના રેકોર્ડમાં રજૂ કરેલી વિગતો (જેવી કે સરનામું, મોબાઇલ નંબર, ઇમેઇલ આઈડી, વાર્ષિક આવક/ટર્નઓવર વગેરે)માં કોઈ ફેરફાર થાય, જે વિગતો ખાતું ખોલતી વખતે અથવા ત્યારબાદ આપવામાં આવી હતી, તો તે ફેરફારની વિગતો 30 દિવસની અંદર બેંકને આપવાની રહેશે જેથી બેંક તેના રેકોર્ડમાં સામેલ કરી શકે.

1.8 હું સંમત છું કે હું મારા ખાતામાં બેંક દ્વારા સમયાંતરે નક્કી કરવામાં આવતું લઘુત્તમ / સરેરાશ બેલેન્સ જાળવીશ.

1.9 હું સંમત છું કે લાગુ પડતા તમામ ચાર્જિસ, ફી, વ્યાજ અને ખર્ચ ચૂકવવા જવાબદાર રહીશ, જે રકમ બેંક મારા ખાતા સંબંધિત કે કોઈ પણ વ્યવહાર અથવા આપવામાં આવેલી સેવાઓ સંબંધિત મારા ખાતામાંથી વસૂલી શકશે અને મારા ખાતામાંથી એ રકમ કાપી શકશે. હું સંમત છું અને સ્વીકારું છું કે પૂરતા નાણા ન હોય તો આખી રકમ વસૂલ ન થાય ત્યાં સુધી નિયત સમયગાળે શુલ્ક ખાતામાંથી કપાત કરવામાં આવશે.

1.9.1 ગ્રુપ સ્તરના શુલ્ક: હું / અમે અહીં પુષ્ટિ કરીએ છીએ અને સમજીએ છીએ કે બચત ખાતા અથવા ચાલુ ખાતા માટે AQB આવશ્યકતા ગ્રામ્ય / અર્ધ-શહેરી શાખા અથવા મહિલા માલિક માટે, જ્યાં સુધી તે ગ્રૂપનો હિસ્સો છે ત્યાં સુધી લાગુ પડશે નહીં અને ગ્રુપ સ્તરે શુલ્ક અનુસૂચિમાં જાહેર કરેલ તેમજ દર્શાવેલ બેલેન્સ લાગુ પડશે.

હું/અમે અહીં પુષ્ટિ કરીએ છીએ અને સમજીએ છીએ કે જ્યાં સુધી ખાતું ગ્રુપનો ભાગ છે ત્યાં સુધી બચત ખાતા માટે ફિક્સ્ડ ડિપોઝિટ/ડેબિટ કાર્ડ સ્વાઇપ પર આધારિત અને ચાલુ ખાતા માટે વ્યવહારોની સંખ્યા પર આધારિત AQBની છૂટછાટ લાગુ પડશે નહીં, તેથી ગ્રુપ સ્તરે જાહેર કરેલ અને શુલ્કની અનુસૂચિમાં દર્શાવેલ બેલેન્સ લાગુ પડશે.

1.9.2 હું/અમે અહીં પુષ્ટિ કરીએ છીએ અને સમજીએ છીએ કે જ્યારે ગ્રુપના ભાગ તરીકે જો અમે ખાતા નો પ્રકાર બદલવાનો વિકલ્પ પસંદ કરીએ, તો ગ્રુપિંગ ફક્ત ત્યારે જ આપવામાં આવશે જ્યારે સંબંધિત ખાતું ગ્રુપનો ભાગ બનવા માટે લાયક હશે, નહીંતર ત્યારબાદ ખાતાને ગ્રુપ વગર, એક વ્યક્તિગત ખાતા તરીકે ગણવામાં આવશે અને www.equitasbank.com પર દર્શાવેલા તમામ ચાર્જિસ અને નિયમો અને શરતો લાગુ પડશે.

1.10 હું સંમત છું અને સ્વીકારું છું કે શાખામાંથી વ્યક્તિગત રીતે પ્રાપ્ત કરવા માટેની મારી સ્પષ્ટ સૂચના વિના, ચેકબુક, ફોન બેન્કિંગ TINs, નેટ બેન્કિંગ IPINs, ડેબિટ/ATM કાર્ડ્સ અને PIN બેંક તેની વિવેકાધિનતાતી મારા પત્રવ્યવહાર માટે આપેલ સરનામા પર કુરિયર/મેસેન્જર/મેઇલ અથવા અન્ય કોઈપણ રીતે મોકલી શકશે.

1.11 હું સંમત છું કે સગીર વતી તેના કુદરતી વાલી અથવા સક્ષમ અદાલત દ્વારા નિયુક્ત વાલી દ્વારા ખાતું ખોલી શકાય છે. વાલી ઉપરોક્ત ખાતામાં કોઈપણ પ્રકારના વ્યવહારોમાં સગીરનું પ્રતિનિધિત્તવ ત્યાં સુધી કરશે, જ્યાં સુધી સગીર પુખ્ત વયનું ન થાય. સગીર પુખ્ત વયનું થતાં વાલીને ખાતું ચલાવવાનો અધિકાર બંધ થશે. વાલી ઉપરોક્ત સગીરના ખાતામાંથી તેના દ્વારા કરવામાં આવેલા કોઈપણ ઉપાડ/લેવડદેવડ અંગે સગીરના દાવા સામે બેંકની નુકસાની ભરપાઈ કરવા સંમત થાય છે.

1.12 હું સંમત છું અને ખાતરી આપું છું કે બેંકના વ્યવહારોના અમલ માટે મારા ખાતામાં પૂરતા નાણાં/ચોખ્ખી સિલક/પૂર્વ-આયોજિત ક્રેડિટ સુવિધા હશે. હું સંમત છું કે અપુરતા નાણાંને કારણે બેંક મારી સૂચનાઓનું પાલન ન કરે તો તેના કોઈપણ પરિણામો માટે બેંક જવાબદાર રહેશે નહીં અને ફંડની અછતને લીધે બેંક વિવેકાધીનતાથી મારી પૂર્વ મંજૂરી લીધા કે જાણ વગર સૂચનાઓ અમલમાં મૂકવાનો નિર્ણય લઈ શકે છે અને હું તેના પરિણામે ઊભા થયેલા એડવાન્સ, ઓવરડ્રાફ્ટ અથવા ક્રેડિટ તેમજ સમયાંતરે લાગુ પડતા સંબંધિત તમામ ચાર્જિસ વ્યાજ સહિત ચૂકવવા જવાબદાર રહીશ. હું સંમત છું કે અપૂરતા ફંડને કારણે અવાર નવાર ચેકની રકમ ન ચૂકવાય અથવા ઉચ્ચ મૂલ્યના ચેકોના પરત થવાના કિસ્સામાં ચેકબુક બંધ થવા/બેંક ખાતું બંધ થવાનું પરિણામ આવી શકે છે.

1.13 હું સંમત છું કે જો ખાતામાંથી ઓવરડ્રો થાય, તો મારા કોઈ પણ ખાતામાં રહેલી જમા રકમ સામે વસૂલ કરવાનો બેંકને અધિકાર રહેશે.

1.14 હું સંમત છું કે મારા ખાતાની ઓપરેટિંગ પદ્ધતિમાં કોઈપણ ફેરફાર બેંક મારા ખાતાના તમામ સહધારકોની સંમતિથી કરી શકે છે. હું સ્વીકારું છું કે મારા ખાતાના તમામ સહધારકોની સંમતિ વિના મોકલવામાં આવેલ કોઈ પણ ફેરફારની વિનંતીને બેંક સ્વીકારશે નહીં. વધુમાં, હું સંમત છું અને સ્વીકારું છું કે ત્યાં સુધી બેંક, ખાતું ખોલતી વખતે સંમત થયેલ સંચાલન પદ્ધતિ અનુસાર સૂચનાઓનું પાલન કરતી રહેશે.

1.15 જો મને બેંકના કોઈ પણ ઉત્પાદનો/સેવાઓની લાક્ષણિકતા સાથે કોઈ ફરિયાદ હોય, તો હું જાણું છું કે હું તેના ઉકેલ માટે બેંકની અંદરની ફરિયાદ નિવારણ એકમ (ગ્રિવન્સ રિડ્રેસલ સેલ) નો ઈ મેલ customerservice@equitasbank.com પર સંપર્ક કરી શકું છું અને જો ફરિયાદ નોંધાયાના 30 દિવસની અંદર સંતોષકારક જવાબ ન મળે તો બેંકિંગ લોકપાલ યોજના 2006 હેઠળ હું ભારતીય રિઝર્વ બેંક દ્વારા નિયુક્ત, મારું ખાતું જે વિસ્તારમાં છે તે વિસ્તારના લોકપાલનો સંપર્ક કરી શકીશ, જેની વિગતો વેબસાઇટ www.bankingombudsman.rbi.org.in પર ઉપલબ્ધ છે.

1.16 જો બચત ખાતા અને ચાલુ ખાતા માટે સતત બે વર્ષ સુધી મારા/અમારા દ્વારા ખાતામાં કોઈ વ્યવહાર કરવામાં ન આવે (સિવાય કે સિસ્ટમ જનરેટેડ વ્યવહારો જેવા કે ક્રેડિટ વ્યાજ, ડેબિટ વ્યાજ), તો હું/અમે સંમત છીએ કે બેંક એવા ખાતાને 'ડોર્મન્ટ' ખાતા તરીકે ગણશે. હું/અમે સંમત છીએ કે ખાતું ફરીથી 'એક્ટિવ' તો ફક્ત મારા/અમારા (તમામ સહ-ધારકો)ની લેખિત સૂચનાથી અને મારા/અમારા દ્વારા હોમ બ્રાન્ચમાં વ્યવહાર કરવાથી જ થશે. હું/અમે સમજીએ છીએ કે જ્યાં સુધી ખાતાની સ્થિતિ 'ડોર્મન્ટ' છે ત્યાં સુધી બેંક દ્વારા ATM, ઈન્ટરનેટ બેંકિંગ, ફોન બેંકિંગ, મોબાઈલ બેંકિંગ જેવા બેંકિંગની વૈકલ્પિક ચેનલ્સ દ્વારા વ્યવહારો કરવાની મંજૂરી નહીં આપવામાં આવે.

1.17 બચત ખાતા પરનું વ્યાજ બેંક દ્વારા સમયાંતરે નક્કી કરવામાં આવતા દરે ગણવામાં આવશે.

1.18 કૃપા કરીને નોંધશો કે જો ખાતાનું બેલેન્સ સતત 3 મહિના અથવા તેથી વધુ સમય સુધી શૂન્ય રહે, તો ગ્રાહકને જાણ કર્યા વિના બેંકને ખાતું બંધ કરવાનો અધિકાર છે.

1.19 હું સમજું છું કે જો ખાતું ખોલ્યા પછી વેલકમ કીટ ન પહોંચવાના કારણો જેવા કે "કોઈ એવું સરનામું નથી, કોઈ એવી વ્યક્તિ નથી, આંશિક રીતે સંરક્ષિત અથવા અપૂર્ણ સરનામું" હશે તો ગ્રાહકનો સંપર્ક કરવાના પૂરતા પ્રયત્નો કર્યા પછી બેંક ને ખાતું સ્થગિત કરવાની ફરજ પડશે.

1.20 બચત બેંક ખાતા પર ESFB ATM, ઇન્ટરનેટ બેંકિંગ અને ફોન બેંકિંગ, મોબાઇલ બેંકિંગનો નિશુલ્ક સુવિધા મળે છે, જો કોઈ અન્યથા વિશેષ સૂચના ન હોય તો.

1.21 માહિતી જાહેર કરવા વિષે : હું પૂર્વશરત તરીકે સમજુ છું કે, મને લોન / એડવાન્સ / અન્ય ફંડ આધારિત અને નોન-ફંડ આધારિત ક્રેડિટ સુવિધાઓ આપવા સંબંધિત, બેંકને મારા વિશે માહિતી અને ડેટા જાહેર કરવા માટે મારી સંમતિની જરૂર રહેશે. જેમાં મારા દ્વારા લેવામાં આવેલી / લેવામાં આવનાર ક્રેડિટ સુવિધાઓ, મારા દ્વારા લેવામાં આવેલી / લેવામાં આવનાર જવાબદારીઓ અને તેમાં જો કોઈ ચૂક થાય તો તેનો સમાવેશ છે.

TRUE COPY

# નિયમો અને શરતો

આ મુજબ, હું અહીં સંમતિ આપું છું અને બેંકને મંજૂરી આપું છું કે તે મારા વિશે બધી જ અથવા કોઈપણ એવી માહિતી અને ડેટા જાહેર કરી શકે છે,

i. મારા સંબંધિત માહિતી અને ડેટા

ii. મારા દ્વારા લેવામાં આવેલી / લેવામાં આવનાર કોઈપણ ક્રેડિટ સુવિધા સંબંધિત માહિતી અથવા ડેટા,

iii જવાબદારી નિભાવવામાં મારી કોઈ ચૂક હોય તો તે તમામ માહિતી, જે બેંક ક્રેડિટ ઇન્ફોર્મેશન બ્યુરો અને RBI અધિકૃત કોઈપણ અન્ય એજન્સીને જાહેર કરવી અને પૂરી પાડવી યોગ્ય અને જરૂરી સમજે તો તે આપી શકે છે. હું જાહેર કરું છું કે બેંકને મેં આપેલી માહિતી અને ડેટા સાચા અને યોગ્ય છે.

હું વચન આપું છું કે:

i. ક્રેડિટ ઇન્ફોર્મેશન બ્યુરો અને અન્ય કોઈપણ અધિકૃત એજન્સી બેંક દ્વારા જાહેર કરવામાં આવેલી માહિતી અને ડેટાનો તેમને યોગ્ય લાગે તે રીતે ઉપયોગ કે કાર્યવાહી કરી શકે છે; અને

ii. ક્રેડિટ ઇન્ફોર્મેશન બ્યુરો અને કોઈપણ અન્ય અધિકૃત એજન્સી તેઓ દ્વારા તૈયાર કરવામાં આવેલી માહિતી, ડેટા અથવા તેની પ્રોડક્ટ્સને વિચારણા માટે પૂરી પાડી શકે છે અને બેંક / નાણાકીય સંસ્થાઓ અને અન્ય ક્રેડિટ આપનાર અથવા રિઝર્વ બેંક દ્વારા આ માટે સ્પષ્ટ કરેલ વપરાશકર્તાઓને આપી શકે છે.

1.22 તાકીદની ઘટના: કોઈ તાકીદની ઘટના (નીચે વ્યાખ્યાયિત) ઘટે જેના કારણે બેંકની કામગીરી અટકાવવામાં આવે, અવરોધાય કે વિલંબ થાય તો તે ઘટના ચાલુ રહે ત્યાં સુધી બેંકની ફરજો મુલતવી રહેશે તથા ત્યાં સુધી બેંક આ નિયમો અને શરતો હેઠળ અથવા તેની સેવાઓ/સુવિધાઓને લાગુ પડતા કોઈપણ કાર્યોની નિષ્ફળતા માટે જવાબદાર રહેશે નહીં.

"કુદરતી ઘટના" એટલે બેંકના વાજબી નિયંત્રણ બહારના કારણસર થતી કોઈપણ ઘટના, જેમાં અબાધ્ય સંદેશાવ્યવહાર પ્રણાલી ખોટકાવી, કામકાજ અથવા ચુકવણી અથવા ડિલિવરી તંત્રમાં ખલેલ અથવા વાયરસ, તોડફોડ, આગ, પુર, વિસ્ફોટ, કુદરતી આપત્તિઓ, સામાજિક અશાંતિ, કોઈપણ પ્રકારની હડતાળ અથવા ઔદ્યોગિક ક્રિયાઓ, રમખાણો, બળવો, યુદ્ધ, સરકારી કૃત્યો, કમ્પ્યુટર હેકિંગ, કમ્પ્યુટર ડેટા અને સ્ટોરેજ ડિવાઇસમાં અનધિકૃત એક્સેસ, કમ્પ્યુટર ક્રેશ, કમ્પ્યુટર ટર્મિનલમાં ખામી અથવા કોઈપણ નુકસાનકારક, વિનાશક અથવા દૂષિત કોડ અથવા પ્રોગ્રામથી પ્રણાલીને અસર થવી, યાંત્રિક અથવા ટેકનિકલ ભૂલો/નિષ્ફળતાઓ અથવા વીજપુરવઠો ખોરવાઇ જવો, ટેલિકોમ્યુનિકેશનમાં ખામી અથવા નિષ્ફળતા વગેરે સામેલ છે.

1.23 લિયન/સેટઓફનો અધિકાર: બેંકને લિયન અને સેટઓફનો અધિકાર આપું છું અને તે અધિકાર બેંક પાસે છે તેની પુષ્ટિ કરું છું, જેનો બેંક કોઈપણ સમયે, મારી સાથેના કોઈપણ અન્ય કરારો હેઠળ તેના કોઈપણ વિશિષ્ટ અધિકારો વિષે પૂર્વગ્રહ વિના, વિવેકપૂર્વક અને મને જાણ કર્યા વગર, મારી કોઈપણ રકમ જે બેંક પાસે જમા છે કે બેંક પાસે બાકી છે, તેનો લોન સુવિધા હેઠળ કે કોઈપણ બાકી રકમ સહિત, આ શરતો અને નિયમો હેઠળ ચૂકવવાપાત્ર કોઈપણ ચાર્જ/ફી/બાકીની રકમની સામે ઉપયોગ કરી શકશે.

1.24 હું/અમે અહીં પુષ્ટિ કરીએ છીએ કે બેંક તેના નાણાકીય ઉત્પાદનો જેવા કે ડિપોઝિટ્સ, લોન વગેરેને વેચવા/વેચાણ વધારવા માટે વ્યાપાર સંવાદદાતાઓ , વેચાણ એજન્ટો અને વ્યાપાર સહાયકોને રોકે છે, બેંક અમારા સંપર્કની વિગતો તેમની સાથે શેર કરે અને તેમના તરફથી અમારો ફોન દ્વારા સંપર્ક કરવામાં આવે તેનો અમને કોઈ વાંધો નથી . મને/અમને એ જાણ છે કે જો આવી વ્યક્તિઓ/સંસ્થાઓના વર્તન અંગે કોઈ ફરિયાદ હોય તો મને/અમને બેંકના નોડલ ઓફિસર અથવા ગ્રાહક સેવા વિભાગને સંપર્ક કરવાનો અધિકાર છે.

2. બચત ખાતા

2.1 પગાર ખાતું

2.1.1 જમા પગાર પરત કરવા અંગે : હું આ સાથે અટલ અને બિનશરતીય રીતે બેંકને અધિકૃત કરું છું કે મારા નિયોક્તા/કંપનીની વિનંતી પર મારા નિયોક્તા/કંપની દ્વારા અને/અથવા તેની સૂચનાઓ પર મારા ખાતામાં જમા કરેલી કોઈપણ વધારાની રકમ હોલ્ડ ફંડ તરીકે નોંધીને, ઉપાડ કરીને/જમા રકમ પરત કરીને વસૂલ કરે, સાથે મને નોટિસ આપે. બેન્ક દ્વારા કરવામાં આવેલા કોઈપણ આવા હોલ્ડ ફંડ/ઉપાડ/જમા રકમ પરત કરવા અંગે બેંક જવાબદાર અને ઉત્તરદાયી રહેશે નહીં.

2.1.2 હું સ્વીકારું છું કે મારું ખાતું નિયોક્તા/કંપની સાથે મારી નોકરીને આધારે બેંક માં ખોલવામાં આવ્યું છે અને તેને "પગાર ખાતું" તરીકે નિર્દિષ્ટ કરવામાં આવ્યું છે. હું સમજુ છું કે નિયોક્તા/કંપની અને બેંક વચ્ચેની વ્યવસ્થા અનુસાર, બેંકના એકમાત્ર વિવેકાધિકાર પર, હું નિયોક્તા/કંપની સાથેની મારી નોકરીની અવધિ દરમિયાન અથવા નિયોક્તા/કંપની અને બેંક વચ્ચેની વ્યવસ્થા હયાત રહે ત્યાં સુધી પગાર ખાતા પર કેટલીક સુવિધાઓનો હક્કદાર બની શકું છું. હું નિયોક્તા/કંપની સાથેની નોકરી બંધ થવા પર બેંકને જાણ કરીશ. "નિયોક્તા/કંપની"એ શબ્દો તે કોર્પોરેટ માટે વપરાયા છે, જેમાં હું નોકરી કરું છું અને જેના અનુરોધથી બેંકમાં પગાર ખાતું ખોલવામાં આવ્યું છે.

2.1.3 હું સમજુ છું અને સ્વીકારું છું કે પગાર જમા થવા માટે મારો સાચો ખાતા ક્રમાંક પૂરો પાડવાની જવાબદારી ફક્ત મારા નિયોક્તા/કંપની પાસે છે અને મારા નિયોક્તા/કંપની દ્વારા ખાતા ક્રમાંક ખોટો આપવાના કારણે કોઈ ખોટી ક્રેડિટ માટે હું બેંક ને જવાબદાર નહીં ગણું.

2.1.4 હું સંમત છું કે સતત ત્રણ માસ સુધી મારા પગાર ખાતામાં પગાર જમા નહીં થાય તો બેંક ખાતા ધારકને/મને જાણ કર્યા સિવાય આ ખાતાને પગાર ખાતામાંથી બદલીને સામાન્ય બચત ખાતામાં બદલવાનો હક્ક ધરાવે છે અને અને ESFB ના બચત ખાતા પર લાગુ થતા નિયમો અને શરતો આ ખાતાની સ્થિતિ બદલવાની તારીખથી લાગુ થશે. બેંક ની વેબ સાઇટ પર બચત ખાતા પર લાગુ પડતા નિયમો અને શરતો તથા વિશેષતાઓ પ્રકાશિત કરેલ છે.

2.1.5 હું આ સાથે સંમત થાઉં છું કે હું નિયોક્તા/કંપનીની સેવામાંથી કોઈપણ કારણસર બહાર થઈ જાઉં છું, ત્યારે મને 30 દિવસની નોટિસ આપ્યા બાદ બેંક પોતાના એકમાત્ર અને સંપૂર્ણ વિવેકાધિકારથી પગાર ખાતું બંધ કરી શકે છે, કારણ કે નિયોક્તા/કંપની દ્વારા અને/અથવા તેની સૂચનાઓ થકી નિયમિત રીતે પગાર ખાતામાં કોઈ રકમ જમા થતી નથી.

2.2 મૂળભૂત બચત બેંક ડિપોઝિટ ખાતું (બેઝિક એન્ડ સ્મોલ અકાઉંટ):

2.2.1 હું સમજું છું કે, નિયામક માર્ગદર્શિકા અનુસાર, મૂળભૂત બચત બેંક ડિપોઝિટ ખાતાના ધારકો ESFB માં કોઈ અન્ય બચત ખાતું ખોલી શકશે નહીં. આથી, હું સંમત થાઉં છું કે ESFB માં મારા અન્ય હયાત બચત ખાતા(ઓ) હશે તો મૂળભૂત બચત બેંક ડિપોઝિટ ખાતું ખોલવાના 30 દિવસ ની અંદર મારે તે બચત ખાતા(ઓ) બંધ કરવાના રહેશે.

2.2.2 હું સ્વીકારું છું કે બેંક અન્ય બચત ખાતાં(ઓ) (જો હોય તો) બંધ કરવાનો અધિકાર ધરાવે છે. જો, મારા દ્વારા મૂળભૂત બચત બેંક ડિપોઝિટ ખાતું ખોલ્યા પછી નિયામક માર્ગદર્શિકા મુજબ 30 દિવસની અંદર આવા ખાતા(ઓ) બંધ કરવામાં નહીં આવે તો.

2.3 મૂળભૂત બચત બેંક ડિપોઝિટ સ્મોલ અકાઉંટ

2.3.1 હું સમજું છું કે મારું ખાતું આંશિક/શૂન્ય KYC દસ્તાવેજો સાથે ખોલવામાં આવી રહ્યું છે.

2.3.2 હું સમજું છું કે ESFB માં BSBDA સ્મોલ એકાઉન્ટ ધારક તરીકે, જ્યાં સુધી હું KYC સુસંગત નથી થતો ત્યાં સુધી મારી કોઈ અન્ય ખાતું (CA / SB / FD / RD) ખોલવાની પાત્રતા નથી.

2.3.3 હું સમજું છું કે બેંકમાં મારા ખાતામાં રહેલ બેલેન્સ રૂપિયા પચાસ હજાર (રૂ. 50,000/-) કરતાં વધવા જોઈએ નહીં, અથવા એક નાણાકીય વર્ષમાં કુલ જમા રકમ રૂપિયા એક લાખ (રૂ. 1,00,000/-) કરતાં વધવી જોઈએ નહીં, અથવા મારા ખાતામાંથી એક મહિનામાં થતી કુલ રકમનો ઉપાડ અને ટ્રાન્સફર રૂપિયા દસ હજાર (રૂ. 10, 000/-) કરતાં વધવા જોઈએ નહીં.

2.3.4 હું સમજું છું કે જો નિર્ધારિત રૂ. 50,000/- ની ઉપાડ સીમા ઓળંગવામાં આવે તો જ્યાં સુધી ખાતામાં બેલેન્સ રૂ. 50,000/- અથવા તેનાથી નીચે ન રહે ત્યાં સુધી ખાતામાંથી વધુ ઉપાડ મંજૂર કરવામાં આવશે નહીં.

2.3.5 હું સમજું છું કે જો એક નાણાકીય વર્ષમાં ખાતામાં કુલ જમા રકમ રૂ. 1,00,000/- ની મર્યાદા ઓળંગી જાય, તો તે નાણાકીય વર્ષના અંત સુધી ખાતામાં વધુ કોઈ જમા રાશિ મંજૂર કરવામાં આવશે નહીં.

2.3.6 હું સમજું છું કે જો એક કેલેન્ડર મહિનામાં ખાતામાંથી થતી કુલ રોકડ ઉપાડ અને ટ્રાન્સફરની રકમ રૂપિયા 10,000/- ની મર્યાદા ઓળંગી જાય, તો તે કેલેન્ડર મહિનાના અંત સુધી ખાતામાંથી વધુ કોઈ ઉપાડ મંજૂર કરવામાં આવશે નહીં.

2.3.7 હું સમજું છું કે મારે BSBDA સ્મોલ એકાઉન્ટ ખોલ્યાના 12 મહિનાની અંદર ESFB દ્વારા માન્ય KYC દસ્તાવેજો (ID અને સરનામાના પુરાવા) માટે કરેલ અરજીનો પુરાવો રજૂ કરવાનો રહેશે અને BSBDA સ્મોલ એકાઉન્ટ ખોલ્યાના 24 મહિનાની અંદર ESFB દ્વારા માન્ય KYC દસ્તાવેજો (ID, સરનામું અને ફોટોગ્રાફ) રજૂ કરવાના રહેશે, તેમ ન થવાથી, ESFB મારા ખાતામાં વધુ લેવડ દેવડ સ્થગિત કરવા માટે આ સાથે અધિકૃત છે.

2.3.8 હું સમજું છું કે જ્યારે પણ ઉપરોક્ત કોઈપણ KYC કલમને સુસંગત ન થવાને કારણે મારું ખાતું બ્લોક કરવામાં આવશે, ત્યારે મારે ખાતું બંધ કરાવવું પડશે અથવા KYC આવશ્યકતાઓ પૂરી કરીને હાલનું BSBDA સ્મોલ એકાઉન્ટને BSBDA / સામાન્ય સેવિંગ્સ પ્રકારના ખાતામાં તબદીલ કરાવવું પડશે.

2.4 ગ્રામ્ય બચત ખાતા:

2.4.1 હું સમજુ છું કે ગ્રામ્ય બચત ખાતા માટે બેંક ડેબિટ કાર્ડની સુવિધા આપશે નહીં અને મારે તમામ લેવડ દેવડ બેંકની શાખામાં બેંક દ્વારા જણાવેલ કામકાજના સમય દરમ્યાન કરવાના રહેશે.

2.5 બચત ખાતાના તમામ પ્રકાર:

TRUE COPY

NOTARY PUBLIC K.S. VIJAYAKUMAR CHENNAI TAMILNADU REG. No. 14572 DATE OF EXPIRY 18-09-2029 GOVERNMENT OF INDIA

VIE SUPPORT LANGUAGE SERVICES PVT. LTD. CHENNAI

ભૂલી જાઉં/ખોઈ નાખું/ગુમાવી ભૂલી જાઉં/ખોઈ નાખું/ગુમાવી દઉં અથવા TIN ગુપ્ત રહી શકે તેમ ના હોય, હું તરત જ ESFB ને જાણ કરવા બંધાયેલો છું.

8.6 હું સમજું છુ અને સ્વીકારું છુ કે ફોન બેંકિંગ સેવા મેળવવા માટે, મારે (a) ગ્રાહક ઓળખ નંબર અને ટેલિફોન ઓળખ નંબર (TIN) અથવા (b) ડેબિટ કાર્ડ નંબર અને સંબંધિત વ્યક્તિગત ઓળખ નંબર (PIN) અને/અથવા ESFB દ્વારા સમયાંતરે નક્કી કરવામાં આવતી પ્રક્રિયા મુજબ મંજૂરીની કોઈપણ અન્ય રીત દ્વારા મારે ફોન બેંકિંગ સિસ્ટમ સમક્ષ ઓળખ આપવાની આવશ્યકતા રહેશે. ESFB દ્વારા સમયાંતરે નક્કી કરવામાં આવતી પ્રક્રિયા મુજબ, મંજૂરી મેળવ્યા બાદ થયેલ નાણાકીય સહિત તમામ લેવડ દેવડ, મારા માટે બંધનકર્તા રહેશે અને તેના સંબંધિત રેકોર્ડો કોઈપણ વિવાદની સ્થિતિમાં સ્વીકાર્ય રહેશે.

8.7 હું જાણું છું અને સ્વીકારું છુ કે ફોન બેંકિંગ સેવા ESFB દ્વારા સમયાંતરે નિર્દિષ્ટ કરવામાં આવતા સમય દરમ્યાન ચાલશે અને લેવડ દેવડને તેનું લૉગિન કરવાના સમયને આધારે તે જ દિવસે અથવા તે પછીના કામકાજના દિવસે પૂરી કરવામાં આવશે.

8.8 હું બેંકની વેબસાઈટ પર જણાવેલા નિયમો અને શરતોમાંથી કોઈના પણ ઉલ્લંઘન ને પરિણામે થયેલ તમામ નુકસાન અને ખોટ સામે બેંકને મુક્ત રાખીશ.

9. નેટ બેંકિંગ

9.1 હું સમજુ છુ કે બેંક સાથે ખાતુ/થાપણ ખોલાવ્યા બાદ આવી સેવાઓને સક્રિય કરવા કોઈપણ ફરજિયાત પ્રક્રિયા પૂર્ણ કરવાની જરૂર વિના ગ્રાહકોને મૂળભૂત નેટ બેંકિંગ સેવાઓ/નોંધણી ઉપલબ્ધ થશે. હું અહીં સંમત થાઉં છુ કે ખાતા ખોલવાના નિયમો ઉપરાંત નેટ બેંકિંગના નિયમો અને શરતો પણ લાગુ પડશે. મને આપવામાં આવેલા પાસવર્ડ સાથે નેટ બેંકિંગમાં લૉગિન કરવાનું રહેશે. લૉગિન કર્યા પછી હું પાસવર્ડ બદલીશ.

9.2 હું સમજું છુ કે નેટ બેંકિંગ સેવા એ બેંકની સેવા છે (તમામ ફેરફારો સહિત) જે ગ્રાહક બેંકની વેબસાઈટ મારફતે મેળવી શકે છે. જેમાં, ખાતાની માહિતી, ઉત્પાદનો અને બેંક દ્વારા સમયાંતરે સૂચિત કરેલી અન્ય સેવાઓ (નાણાકીય અને બિન-નાણાકીય વ્યવહારો સહિત) નો સમાવેશ છે.

9.3 હું સમજુ છુ કે મારે ESFB સાઈટ્સમાંથી સીધું જ લૉગિન કરવું જોઈએ અને મારો ગ્રાહક આઈડી અને IPIN (પાસવર્ડ) તથા આવી ખાતા સંવેદનશીલ વિગતો મેઈલ પર, કૉલ પર અથવા અન્ય કોઈપણ માધ્યમ દ્વારા કોઈને જણાવવી ન જોઈએ.

9.4 હું સ્વીકારું છુ કે જો કોઈ ત્રીજા પક્ષને મારો ગ્રાહક આઈડી અને IPIN મળી જાય તો તેવા ત્રીજા પક્ષ બેંકને ચુકવણી સૂચનાઓ/અન્ય સૂચનાઓ આપી શકશે.

9.5 હું બેંકની વેબસાઈટ પર જણાવેલા નિયમો અને શરતોમાંથી કોઈના પણ ઉલ્લંઘન ને પરિણામે થયેલ તમામ નુકસાન અને ખોટ સામે બેંકને મુક્ત રાખીશ.

9.6 નેટ બેંકિંગ અને નેટ બેંકિંગ પર ઉપલબ્ધ વિવિધ સેવાઓ સાથે સંકળાયેલ ફી, ડ્યુટી અથવા અન્ય ચાર્જ લાગુ રહેશે.

9.7 હું બેંકની વેબસાઈટ www.equitasbank.com પર જણાવ્યા મુજબ સમયાંતરે લાગુ થતા વિગતવાર નેટ બેંકિંગ નિયમો અને શરતો સાથે સંમત છું.

9.8 હું કોઈપણ પાસવર્ડ, CVV નંબર, OTP (વન ટાઇમ પાસવર્ડ) સહિતની મારા ખાતા અંગે સંવેદનશીલ માહિતી કોઈપણ અન્ય વ્યક્તિને જણાવીશ નહીં.

10. મોબાઇલ બેંકિંગ

10.1 મોબાઇલ બેંકિંગ અથવા SMS બેંકિંગનો અર્થ છે ગ્રાહકના બચત/ચાલુ ખાતા(ઓ)/ફિક્સ્ડ ડિપોઝિટ સાથે સંબંધિત માહિતી મેળવવી અને બેંક દ્વારા સમયાંતરે ગ્રાહકના મોબાઇલ ફોન પર/મોબાઇલ બેંકિંગ મારફતે સૂચિત અથવા ઉપલબ્ધ કરાવવામાં આવેલા ઉત્પાદનો અને/અથવા અન્ય સેવાઓનો ગ્રાહક દ્વારા ઉપયોગ. આ દસ્તાવેજમાં 'મોબાઇલ બેંકિંગ' અને 'મોબાઇલ બેંકિંગ સેવાઓ' શબ્દો એકબીજાના બદલે વપરાયા છે.

10.2 બેંકનો કોઈપણ ગ્રાહક, જેની પાસે એકલા અથવા જીવિત દ્વારા ચલાવવા માટે અધિકૃત બચત અને/અથવા ચાલુ અને/અથવા ફિક્ષ્ડ ડિપોઝિટ ખાતું હોય અને જે CSP પણ વર્તમાન ગ્રાહક છે. વપરાશકર્તા પાસે મોબાઇલ ફોન હોવો જોઈએ અને તેને મોબાઇલ ફોન કેવી રીતે કામ કરે છે તે વિશેની જાણકારી હોવી જોઈએ. વપરાશકર્તાની પાસે મોબાઇલ બેંકિંગનો ઉપયોગ કરવા માટે જરૂરી મોબાઇલ ફોન સૉફ્ટવેર હોવું જોઈએ. સગીરના ખાતાના કિસ્સામાં, ફક્ત સગીરના કુદરતી વાલી જ આ સેવાનો લાભ લેવા માટે માન્ય રહેશે.

10.3 હું સંમત થાઉં છું કે જો મારી અરજી યોગ્ય જણાશે અને સંબંધિત વિગતો બેંક અને CSP દ્વારા નોંધવામાં આવશે તો જ હું મોબાઇલ બેંકિંગ સેવાનો ઉપયોગ કરવા માટે હક્કદાર રહીશ. બેંક અને CSPને કોઈ કારણ આપ્યા વિના મારી અરજી નકારવાની છૂટ રહેશે.

10.4 બેંક વપરાશકર્તાને મોબાઇલ બેંકિંગ મારફતે તેના દ્વારા સમયાંતરે નક્કી કરવામાં આવતી સેવાઓ પૂરી પાડવાનો પ્રયાસ કરશે. બેંકને દરેક ખાતા માટે કયા પ્રકારની સેવાઓ કયા પ્રકારના વપરાશકર્તાને પૂરી પાડવી તે નક્કી કરવાનો અધિકાર રહેશે અને તે શ્રેણી પ્રમાણે અલગ હોઈ શકે છે. બેંક મોબાઇલ બેંકિંગ મારફતે પૂરી પાડવામાં આવતી સેવાઓમાં તેના વિવેક મુજબ ઉમેરો/નિકાલ કરી શકે છે.

10.5 ફક્ત બેંકમાં ખોલવામાં આવેલા અને સંબંધિત વપરાશકર્તાના ID સાથે જોડાયેલા ખાતાઓ જ મોબાઇલ બેંકિંગ મારફતે સુલભ કરી શકાશે.

10.6 હું મોબાઇલ બેંકિંગ મારફતે મારા દ્વારા ચાલતી લેવડ દેવડ કરવા માટે બેંકને સ્પષ્ટ સત્તા આપું છું. માત્ર મોબાઇલ ફોન નંબરથી ખાતરી કર્યાથી વિશેષ, અન્ય બીજી કોઈ રીતે, મોબાઇલ બેંકિંગ મારફતે મેં કરેલ લેવડ દેવડ કે મારી પાસેથી જ મોકલાઇ હોય તેવું જણાતી કોઈપણ લેવડ દેવડની અધિકૃતતા ચકાસવાની બેંકની કોઈ ફરજ નથી. મને મોબાઇલ બેન્કિંગ વપરાશના સમય જે સ્ક્રીન પર દેખાય થાય છે તે મોબાઇલમાં સુલભ કામગીરીના રેકોર્ડ છે અને તેને બેંક સંબંધિત લેવડ-દેવડની નોંધ તરીકે ગણવામાં આવશે નહીં. જો મને આવર્તકાલિક સ્ટેટમેન્ટની પ્રાપ્તિની તારીખથી 15 દિવસની અંદર કોઈ અસંગતતા બતાવવામાં ન આવે તો કમ્પ્યુટર સિસ્ટમ અથવા અન્ય રીતે જાળવવામાં આવેલ બેંકના પોતાના લેવડ-દેવડના રેકોર્ડને બધા હેતુઓ માટે નિર્ણાયક અને બંધનકર્તા ગણવામાં આવશે. સંયુક્ત ખાતામાંથી મોબાઇલ બેન્કિંગના ઉપયોગથી થતી તમામ લેવડ-દેવડો સંયુક્ત ખાતાધારકો પર સંયુક્ત અને અલગથી લાગુ પડશે.

11. એકાઉન્ટ્સનું ગ્રુપિંગ

બેંકની આંતરિક નીતિઓ મુજબ, ઇક્વિટાસ સ્મોલ ફાઇનાન્સ બેંક એક વ્યક્તિની એક અનન્ય ઓળખ નંબર દ્વારા તેની ઓળખવાનો શ્રેષ્ઠ પ્રયાસ કરે છે. ગ્રાહકોએ નોંધ લેવી કે બેંકમાં ગ્રાહકના તમામ ખાતાઓ સંકળાયેલ રહેશે. વસૂલાતના કિસ્સામાં, જો પ્રાથમિક ખાતામાં પૂરતું બેલેન્સ ન હોય, તો તે વસૂલી ગ્રાહકના અન્ય સંકળાયેલ ખાતાઓમાંથી વસૂલવામાં આવશે.

ગ્રાહક કોઈ પણ ખાતું બંધ કરવાની સ્વતંત્રતા છે પણ તે સુનિશ્ચિત કર્યા પછી કે તે ખાતા માં કોઈ લેવડ દેવડ બાકી નથી. દરેક ખાતાને તેનું જરૂરી બેલેન્સ જાળવવા, ચાર્જ વગેરે વિષેની તેની પોતાની આવશ્યક્તાઓ દ્વારા સંચાલિત કરવામાં આવશે.

12. પાસબુક અને ખાતાનું સ્ટેટમેન્ટ બેંકમાં ખાતાઓ માટે ઇમેઇલ તથા ભૌતિક સ્ટેટમેન્ટની જોગવાઈ છે. ભૌતિક સ્ટેટમેન્ટ્સ ગ્રાહકના મેઇલિંગ સરનામાં મોકલવામાં આવે છે જ્યારે ઇમેઇલ સ્ટેટમેન્ટ્સ ગ્રાહકના નોંધાયેલા ઇમેઇલ આઇડી પર મોકલવામાં આવે છે. બેંક પાસબુકની સુવિધાનો વિકલ્પ પણ પૂરો પાડે છે. બેંક તેના ખાતાધારકોને પાસબુક સુવિધા / માસિક એકાઉન્ટ સ્ટેટમેંટ માટે કોઈ ચાર્જ લેતી નથી.

પાસબુકને વારંવાર અપડેટ કરાવવાની જવાબદારી ગ્રાહકની છે તે માટે તેમણે ઇક્વિટાસ સ્મોલ ફાઇનાન્સ બેંકની શાખાની મુલાકાત લેવાની રહેશે. જો ગ્રાહકને આપવામાં આવેલી પાસબુક અપડેટ ન કરવામાં આવે તો તે માટે બેંક જવાબદાર રહેશે નહીં.

ગ્રાહકોએ કોઈપણ ઇમેઈલની પ્રામાણિકતા જાતે ચકાસવી જરૂરી છે. ગ્રાહકને મળેલા કોઈપણ છેતરપિંડીયુક્ત ઇમેઈલથી કોઈપણ સમસ્યા/નુકસાન માટે બેંક જવાબદાર રહેશે નહીં. ઈમેઈલ સ્ટેટમેન્ટ્સ માટે, ગ્રાહકોને સમયાંતરે ગ્રાહક દ્વારા નિર્દિષ્ટ કરવામાં આવ્યા મુજબ માત્ર નોંધાયેલા ઈમેઈલ પર જ મોકલવામાં આવે છે.

જો સ્ટેટમેન્ટ (ઇમેઇલ / ભૌતિક) સમયસર પ્રાપ્ત ન થાય તો ગ્રાહકોએ બેંકને જાણ કરવી જોઈએ. બેંક તેની વિવેકાધીનતાથી, કોઈપણ ચાર્જ વગર સ્ટેટમેન્ટની વધુ એક નકલ આપી શકે છે.

ગ્રાહકોએ મેઇલ દ્વારા મોકલવામાં આવેલ સ્ટેટમેન્ટ અથવા પાસબુકમાં એન્ટ્રી થયા પછી તેમાં ભૂલ/વિસંગતતા બાબતે 14 દિવસની અંદર પરત થવું જોઈએ. જો ગ્રાહક 14 દિવસની સમયમર્યાદા પછી બેંક પાસે ભૂલો/વિસંગતતાઓ બતાવવા પરત જાય તો બેંક ગ્રાહકને થયેલા કોઈપણ નુકસાન માટે જવાબદાર રહેશે નહીં. બેંક કોઈપણ સમયે સ્ટેટમેન્ટ/પાસબુકમાં કોઈપણ ભૂલ/વિસંગતતા સુધારવાનો અધિકાર અનામત રાખે છે.

ગ્રાહકો છેલ્લા સ્ટેટમેન્ટ માટે અથવા તે પહેલાના કોઈ પણ મહિનાના સ્ટેટમેન્ટ્સની નકલ મેળવવા માટે વિનંતી કરી શકે છે. સ્ટેટમેન્ટ્સની નકલ પૂરી પાડવાનું શુલ્ક, 'શુલ્કની સૂચિ' મુજબ રહેશે.

ગ્રાહકે પોતાનું સરનામું બદલાવા વિષે તરત જ બેંકને જાણ કરવી જરૂરી છે અને બેંકની KYC માર્ગદર્શિકા હેઠળ જરૂરી દસ્તાવેજો પૂરા પાડ્યા બાદ, પાસબુકમાં સરનામું બદલવામાં આવ્યું છે તે સુનિશ્ચિત કરવું જોઈએ.

13. સ્રોતથી કર કપાત

આવકવેરા કાયદાઓ મુજબ, જ્યારે બેંક સાથેની તમામ ડિપોઝિટ્સમાં ગ્રાહક દીઠ ચૂકવવાપાત્ર વ્યાજ અથવા પુનઃરોકાણ, 60 વર્ષથી વયથી નીચેની વયના ભારતના

NOTARY PUBLIC
S. VIJAYAKUMAR
CHENNAI, TAMILNADU
REGN. No. 14572
DATE OF EXPIRY
18-09-2029
GOVERNMENT OF INDIA

TRUE COPY

VIE SUPPORT SERVICES PVT. LTD.
CHENNAI

વતનીઓ માટે કુલ વ્યાજ રૂ. 40,000/- થી વધુ અને વરિષ્ઠ નાગરિકો માટે રૂ. 50,000/- થી વધુ થાય તો TDS કપાત કરવામાં આવશે. વધુમાં, જો લાગુ પડતું હોય તો, નાણાકીય વર્ષના અંતે વ્યાજની બાકી રકમ પર TDS કપાત કરવામાં આવશે.

RBI એ TDSમાં રાહત વિષે દાવો કરવા માટે PAN કાર્ડ ફરજિયાત બનાવ્યું છે. જે ગ્રાહકોએ 15G / 15H ફોર્મમાં (લાગુ પડે તે મુજબ) PAN વિગતો પૂરી પાડી નથી તેના ફોર્મ બેંક સ્વીકારશે નહીં.

ગ્રાહક સમયસર 15G / 15H ફોર્મ પૂરું પાડવા માટે જવાબદાર છે. ફોર્મ રજૂ કર્યા પહેલા કપાયેલા TDS પરત કરવા માટે ગ્રાહકની કોઈ વિનંતીને બેંક સ્વીકારશે નહીં.

TDS મુક્તિ ફક્ત લાયક ભારતીય નિવાસી ગ્રાહકો માટે જ ઉપલબ્ધ છે. 15H ફોર્મ ફક્ત વરિષ્ઠ નાગરિકોના ઉપયોગ માટે છે. ફોર્મ 15G ત્યારે જ વ્યક્તિગત, HUF અને ટ્રસ્ટથી સ્વીકારી શકાય છે, જ્યારે નાણાકીય વર્ષ દરમિયાન કુલ વ્યાજની રકમ આવકવેરાથી મુક્ત મહત્તમ રકમ કરતા વધતી નથી / વધવાની સંભાવના નથી. TDS રાહત માટે અરજીના ફોર્મમાં કોઈ પણ ચૂક/ભૂલો હોય તો અથવા ગ્રાહક દ્વારા વિલંબ/નિષ્ફળતા માટે બેંક જવાબદાર રહેશે નહીં.

બચત ખાતા પર અર્જિત વ્યાજ આવકવેરા ધારા 194A હેઠળ TDSમાંથી મુક્ત છે.

હું બેંકને દરેક કેલેન્ડર ક્વાર્ટર પછી ફિક્સ્ડ ડિપોઝિટ પર કમાયેલા વ્યાજ માટે નિર્ધારિત ફોર્મેટમાં TDS પ્રમાણપત્ર જારી કરવામાં સંમત છું.

14. ઓપરેટિંગ એકાઉન્ટ્સ

એકાઉન્ટ ઓપરેટિંગ નિયમો એકાઉન્ટમાં વ્યાખ્યાયિત ઓપરેટિંગ હુકમ પર આધારિત છે. (આ ગ્રાહકના AOFમાં સૂચનોના ઓપરેટિંગ હુકમ અથવા એકાઉન્ટ ખોલ્યા પછી ગ્રાહક દ્વારા અધિકૃત કોઈપણ ફેરફાર પર આધારિત રહેશે) વ્યક્તિગત નામના એકાઉન્ટ ફક્ત વ્યક્તિના પોતાના દ્વારા જ અથવા તે વ્યક્તિના (પાવર ઓફ એટર્ની) POA દ્વારા જ ચલાવી શકાશે.

સંયુક્ત ખાતા બધા ખાતાધારકો દ્વારા આપવામાં આવેલ ઓપરેટિંગ સૂચનાઓને આધારે વ્યક્તિ રીતે, બે કે તેથી વધુ દ્વારા અથવા બધા ખાતાધારકો સાથે મળીને ઓપરેટ કરી શકાય છે. ઓપરેટિંગ સૂચનાઓની વિગતને બિનઅનુલક્ષીને, તેમાં કોઈપણ ફેરફાર માટે, બધા ખાતાધારકોની મંજૂરી આવશ્યક રહેશે.

એક સાક્ષર સગીર (બેંકની આંતરિક નીતિ મુજબ) જે 10 વર્ષથી વધુ ઉંમરનો છે અને બેંકિંગ વ્યવહાર સમજી શકે છે અને એકસરખી સહી કરી શકે છે, અને જો તે સગીરના નામે ખાતુ હોય તો તેને એકલાને ડિપોઝિટ ખાતું ઓપરેટ કરવાની મંજૂરી આપી શકાય.

કુદરતી વાલી (અથવા કોર્ટ દ્વારા નિયુક્ત વાલી) સગીરની તરફેણમાં ડિપોઝિટ ખાતું ખોલી અને ચલાવી શકે છે. આ કિસ્સામાં, ખાતાની રીત "માસ્ટર ABC (સગીરનું નામ) મારફત પિતા અને કુદરતી વાલીનું નામ એ XYZ " હોવી જોઈએ.
ગ્રાહકો સેલ્ફના ચેક ATM મારફતે અથવા ATM/ડેબિટ કમ ATM કાર્ડ વાપરીને અથવા લૂઝ લીફ ચેકનો ઉપયોગ કરીને રોકડ રકમ કાઢી શકે છે. અંધજન ગ્રાહકો રોકડ રકમ કાઢવા માટે ચેકનો ઉપયોગ કરી શકે છે અથવા ATM કાર્ડનો ઉપયોગ કરીને ATMથી રોકડ રકમ કાઢી શકે છે.

શાખાઓમાંથી રોકડ રકમ કાઢવાના આવા કિસ્સાઓમાં, અંધજન ગ્રાહકે ફોટો ID સાથે બેંકના અધિકારીઓ દ્વારા અધિકૃત કરવામાં આવેલ સંપૂર્ણ રીતે ભરેલા ચેક સાથે બ્રાન્ચ ટેલરને આપવાનો રહેશે. અભણ ગ્રાહકો જેઓએ ડેબિટ કાર્ડ અથવા ચેકબુક માટે વિકલ્પ પસંદ કર્યો નથી તેવા ગ્રાહકો ફક્ત શાખાઓમાંથી લૂઝ લીફ ચેકનો ઉપયોગ કરીને અને ફોટો આ IDની એક નકલ આપીને, બેંક શાખાના અધિકારી દ્વારા ચકાસણી અને અધિકૃતિ પછી રોકડ રકમ કાઢી શકશે.

રોકડ રકમ ઉપાડ ફક્ત પૂર્ણ રૂપિયામાં કરી શકાય છે. બેંક રૂ. 50/- કરતાં વધુ રકમ માટે જ ફક્ત વ્યક્તિગત ચેક દ્વારા રોકડ રકમની રકમ કાઢવાની મંજૂરી આપશે. એક જ ચેક દ્વારા ઉપાડવાની રકમની કોઈ ઉપરી મર્યાદા નથી પરંતુ આ ઉપાડને શાખા અધિકારીઓ દ્વારા પ્રમાણિત કરવું આવશ્યક રહેશે.

ગ્રાહકોને ભલામણ કરવામાં આવે છે કે મોટી રકમ (10 લાખ રૂપિયા કરતાં વધુ) ની રોકડ રકમ કાઢવા માટે વધુ સારી સેવા મળી રહે તે માટે બેંકને અગાઉથી જાણ કરે.

ATM રોકડ રકમ, ચેક પત્રકોનો ઉપયોગ, DD / PO, ઇલેક્ટ્રોનિક પેમેન્ટ (RTGS / NEFT) પૈકી જે માટે ગ્રાહકની યોગ્યતા છે તેના સંદર્ભમાં નિશુલ્ક લેવડ દેવડની સંખ્યા મર્યાદિત છે. ગ્રાહકે બેંકની વેબસાઇટ પરથી અથવા કોઈપણ માન્ય સંચાર ચેનલ મારફતે બેંકનો સંપર્ક કરીને તે જાણવાની જરૂર છે કે તે કેટલી નિશુલ્ક લેવડ દેવડ માટે યોગ્યતા ધરાવે છે.

ભારત સરકારે રૂ. 50,000/- અને તેથી વધુની કોઈપણ રોકડ રકમ જમા કરવા માટે PAN વિગતો (ફોર્મ 60 / 61જો ગ્રાહક પાસે માન્ય PAN ન હોય તો) પૂરી પાડવી ફરજિયાત બનાવી છે.

દેવાની પ્રોડક્ટના પ્રકારના આધારે, ઇક્વિટાસ સ્મોલ ફાઇનાન્સ બેંક પેએબલ એટ પાર (PAP) ચેક સુવિધા પૂરી પાડે છે. આ ચેકોથી, ગ્રાહકો તેમની વચ્ચે ચેકનો ઉપયોગ મુક્ત રીતે કરી શકશે. ટ્રાન્સફર વિનંતી પત્ર હંમેશા લેખિતમાં જ હોવો જોઈએ અને તમામ ખાતાધારકોએ તેમાં સહી કરવી જરૂરી છે.

15. ચેકબુક અને વ્યવહારો
તમામ લાયક ખાતાધારકોને મલ્ટી-સિટી વ્યક્તિગત ચેકબુક પૂરી પાડે છે (ચેકબુક સુવિધા અભણ ખાતા, નો-ફ્રિલ્સ અથવા કોઈ ચેકબુક સુવિધા વગરના ખાતાને આપવામાં આવતી નથી).

ગ્રાહક ખાતાના પ્રકારને આધારે મર્યાદિત સંખ્યામાં નિશુલ્ક ચેકબુક મેળવવા હકદાર છે. જો ગ્રાહક ખાતાના પ્રકાર મુજબ જણાવેલ આવશ્યક ન્યૂનતમ બેલેન્સ જાળવવામાં નિષ્ફળ જાય તો બેંક આવી સુવિધા પર પ્રતિબંધ મૂકી શકે છે.

ગ્રાહક વર્તમાન ચેક બુકો સમાપ્ત થયા પછી જ નવી ચેક બુક માટે બેંકને વિનંતી કરી શકે છે. ગ્રાહકો ખાતાના પ્રકારને અનુરૂપ મર્યાદિત સંખ્યામાં નિશુલ્ક ચેકબુક મેળવવા હકદાર છે. મર્યાદાથી વધુ ચેકબુક લેવા પર શુલ્ક લાગુ થઈ શકે છે.

બેંકને (ગ્રાહક ખાતાથી) રજૂ કરવામાં આવેલા તમામ ચેક માં આટલું હોવું જરૂરી છે:

- તે ખાતા માટે ઓપરેટિંગ સૂચનાઓ મુજબ ચેક ઉપર સહી કરવામાં આવી છે
- ચેક પરની સહી જે તે ખાતા માટે બેંકના રેકોર્ડમાં રહેલી સહી મુજબ છે
- તમામ માહિતી (લાભાર્થી, આંકડામાં રકમ, શબ્દોમાં રકમ, તારીખ) ભરેલા છે
- ચેક જૂનો નથી (તારીખ રજૂઆત તારીખથી ત્રણ મહિના કરતા વધુ જૂની નથી)
- કોઈપણ ફેરફાર ઉપાડનારની સહીથી કાઉન્ટરસાઇન કરેલ છે (સુધારેલી RBI માર્ગદર્શિકા મુજબ, ચેક ટ્રન્કેશન સિસ્ટમ હેઠળ, ચેકોમાં કોઈ ફેરફાર મંજૂર નથી). સંશયયુક્ત ફેરફારો જોવા મળે તો બેંક ચેકને નામંજૂર પણ કરી શકે છે.
- ચેકને માન્ય રાખવા માટે ખાતામાં પૂરતું ભંડોળ - ગ્રાહકે ખાતરી કરવી જોઈએ કે અપૂરતા ભંડોળના અભાવે ચેક નામંજૂર ન થાય તે માટે ખાતામાં પૂરતું ભંડોળ હોવું જરૂરી છે.

અપૂરતા ભંડોળને કારણે કોઈપણ નામંજૂર ચેક માટે બેંક દ્વારા દંડાત્મક શુલ્ક લાગુ થઈ શકે છે.

- ચેક ટ્રન્કેશન મેકેનિઝમ મારફતે ચેકોની પ્રક્રિયા કરવા માટે નિર્દિષ્ટ કરેલી બધી જરૂરિયાતોને ગ્રાહકોએ નોંધવી જોઈએ અને ગ્રાહકોએ તે પ્રતિબંધોનું પાલન કરવું જોઈએ. RBI તબક્કાવાર રીતે વિવિધ સ્થળોએ ચેક ટ્રન્કેશન સિસ્ટમ અમલમાં મૂકવાની પ્રક્રિયામાં છે

જો ગ્રાહક દ્વારા રજૂ કરવામાં આવેલ ચેક અપૂરતા નાણાંને કારણે પરત કરવામાં આવે તો બેંક પણ ગ્રાહક પર શુલ્ક લાદી શકે છે. જો ચેક પરત આવવાના બનાવો વધુ પડતા હોય તો બેંક ગ્રાહકના ખાતાને બ્લોક કરવાનો અધિકાર અનામત રાખે છે.

ગ્રાહકો ખોવાયેલા / ચોરી થયેલા / ચૂકવવાની જરૂર ન હોય તેવા કોઈપણ ચેક માટે બેંકમાં 'સ્ટોપ પેમેન્ટ' વિનંતી મૂકી શકે છે. ગ્રાહક દ્વારા એ ખાતરી કરવી જરૂરી છે કે આ 'સ્ટોપ પેમેન્ટ' વિનંતી બેંકમાં ચેકની રજૂઆત પહેલા કરવામાં આવી હોય. જે ચેકો માટે, ચેકની રજૂઆત પછી બેંકને 'સ્ટોપ પેમેન્ટ' વિનંતી મળે તો તેની કોઈપણ ચુકવણી માટે બેંક જવાબદાર રહેશે નહીં. બેંક આવી સ્ટોપ પેમેન્ટ વિનંતી માટે ગ્રાહક પાસેથી શુલ્ક લઈ શકે છે (કૃપા કરીને ચાર્જિસની અનુસૂચિનો સંદર્ભ લો.) દેવાની પ્રોડક્ટના પ્રકારના આધારે, ઇક્વિટાસ સ્મોલ ફાઇનાન્સ બેંક પેએબલ એટ પાર (PAP) ચેક સુવિધા પૂરી પાડે છે. આ ચેકની સાથે, ગ્રાહકો ઇક્વિટાસની તમામ શાખાઓમાં ચેક વાપરવામાં સ્વતંત્ર હશે અને ઇક્વિટાસની કોઈપણ શાખામાં આ ચેકનું ક્લિયરિંગ સ્થાનિક ક્લિયરિંગને સમકક્ષ ગણાશે.

ઇક્વિટાસ સ્મોલ ફાઇનાન્સ બેંક ના ગ્રાહકો પાસે તેમના ચેક બેંકને રજૂ કરવાના વિવિધ વિકલ્પો છે. જેમ કે, શાખામાં સોંપવા, શાખામાં ડ્રોપબોક્સનો ઉપયોગ કરવો, ATM સ્થળે ડ્રોપબોક્સનો ઉપયોગ કરવો, વગેરે. ગ્રાહકો ફક્ત શાખાઓ પર સ્વીકૃતિ મેળવવાનો વિકલ્પ પસંદ કરી શકે છે અને ડ્રોપબોક્સમાં નાખવામાં આવેલા કોઈપણ ચેક ગ્રાહકના પોતાના વિવેકાધીન છે. ડ્રોપબોક્સમાં નાખવામાં આવેલા ચેકો માટેની ક્લિયરિંગ સાયકલ વિષે તે સંબંધિત જે તે ડ્રોપબોક્સ પર સૂચના આપેલ હોય છે અને ગ્રાહકોને સમય સૂચિત કરે છે.

16. ડિમાન્ડ ડ્રાફ્ટ્સ અને પેઓર્ડર્સ

ગ્રાહકો ઇક્વિટાસની કોઈપણ શાખાની મુલાકાત લઈને ડિમાન્ડ ડ્રાફ્ટ/પેઓર્ડર રજૂ કરવાની વિનંતી મૂકી શકે છે. ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા પે ઓર્ડરની રજૂઆત સાથે સંકળાયેલા કોઈપણ શુલ્ક (શુલ્કની અનુસૂચિનો સંદર્ભ લો) ગ્રાહકના ખાતામાંથી ડેબિટ કરીને ગ્રાહક પાસેથી વસૂલવામાં આવશે. ગ્રાહકે બેંક સાથે જાળવી રાખેલા ખાતાના પ્રકાર અને સંબંધને આધારે શુલ્ક લાગુ પડશે.

જો સાધન ખોવાઈ જાય અને (અથવા) રદ કરવાની જરૂર હોય, તો ગ્રાહકે તે જ ઇક્વિટાસ શાખાની મુલાકાત લેવી જોઈએ

NOTARY PUBLIC
S. VIJAYAKUMAR
CHENNAI, TAMILNADU
REGN. NO. 14572
DATE OF EXPIRY
18-09-2029
GOVERNMENT OF INDIA

TRUE COPY

VIE SUPPORT LANGUAGE SERVICES PVT. LTD.
CHENNAI

# નિયમો અને શરતો

equitas
Equitas Small Finance Bank

જ્યાંથી ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા પે ઓર્ડરની રજૂઆત કરવામાં આવી હોય. લાગુ શુલ્કની બાદબાકી કર્યા પછીની રકમ ગ્રાહકના ખાતામાં જમા કરવામાં આવશે.

જો ડ્રાફ્ટ ખોવાઈ ગયો હોય અને ગ્રાહક ખોવાયેલા ડ્રાફ્ટને રદ કરવા ઈચ્છતા હોય, તો ગ્રાહકે બધી સંભવિત જવાબદારીઓથી બેંકને માહિતગાર કરવાની આવશ્યકતા રહેશે. આ કિસ્સામાં, ગ્રાહકે સંતોષકારક રીતે બેંકની કેટલીક દસ્તાવેજી કાર્યવાહી પૂર્ણ કરવાની જરૂર રહેશે. બધી દસ્તાવેજી કાર્યવાહી પૂર્ણ થયા પછી જ ડ્રાફ્ટને રદ કરવામાં આવશે અને ભંડોળ ગ્રાહકને પરત કરવામાં આવશે. જો ખોવાયેલો ડ્રાફ્ટ પહેલેથી જ ક્લિયર થઈ ગયો હોય અથવા તે ક્લિયરિંગ સાયકલમાં હોય તો તેને રદ કરી શકાશે નહીં.

જ્યાં ઇક્વિટાસ સ્મોલ ફાઇનાન્સ બેંક ની શાખાઓ નથી ત્યાં ડિમાન્ડ ડ્રાફ્ટની જારી કરવા માટે ઇક્વિટાસ સ્મોલ ફાઇનાન્સ બેંક પાસે વિવિધ બેંકો (બેંકિંગ સહભાગીઓ) અને તે સ્થળોએ અન્ય સ્થાનિક બેંકો સાથે જોડાણ છે.

ઇક્વિટાસ સ્મોલ ફાઇનાન્સ બેંક ઇન્ટરનેટ બેંકિંગ મારફતે DD & PO રજૂ કરવાની સુવિધા પૂરી પાડે છે. આવી સેવા, લાગુ પડતા શુલ્ક અને ડિલિવરી વ્યવસ્થા વિશેની વિગતો સેવાના અમલીકરણ પહેલાં જણાવવામાં આવશે.

ઇક્વિટાસ સ્મોલ ફાઇનાન્સ બેંક વિવિધ સેવાઓના અમલીકરણ માટેનો સમય અને ગ્રાહકને અગાઉથી નોટિસ વિના કોઈપણ ચેનલ મારફતે કોઈપણ સેવાને બંધ કરવાનો અધિકાર અનામત રાખે છે. ડ્રાફ્ટની વિનંતીમાં પૂરી પાડવામાં આવેલી કોઈપણ ખોટી માહિતી માટે ગ્રાહક સંપૂર્ણ જવાબદાર છે. ગ્રાહકે ડ્રાફ્ટ હાથમાં આવ્યા બાદ તરત જ એ ચકાસણી કરી લેવી જોઈએ કે ડ્રાફ્ટ પર સૂચવેલી વિગતો સાચી છે.

17. સ્ટેન્ડિંગ ઇન્સ્ટ્રક્શન્સ

ઇક્વિટાસ સ્મોલ ફાઇનાન્સ બેંક તેના ગ્રાહકોને સ્થાયી સૂચનાઓના અરજી પત્રકમાં દેવા ખાતા માટે નિશ્ચિત મુદત, રકમ અથવા કોઈપણ અન્ય સ્વીકાર્ય શરત માટે દેવાની ખાતામાં નિધિ ટ્રાન્સફર સૂચનાઓ સેટ કરવાની સુવિધા પૂરી પાડે છે. આ સેવાનો લાભ લેવા માટે ગ્રાહકે ઇક્વિટાસ સ્મોલ ફાઇનાન્સ બેંક ની કોઈપણ શાખામાં વિનંતી આપવાની રહેશે.

જો લોન સર્વિસિંગ માટેની સ્થાયી સૂચનાઓનો અનાદર થાય, તો તેને ચેક પરત થવા સમાન ગણવામાં આવે છે અને ગ્રાહકે સંબંધિત પ્રોડક્ટ્સ માટે નિર્દિષ્ટ કરેલા તમામ જરૂરી ચાર્જિસ ભોગવવા રહેશે.

જ્યારે સ્થાયી સૂચનાઓનો નિરંતર / વારંવાર અનાદર થાય, ત્યારે ઇક્વિટાસ સ્મોલ ફાઇનાન્સ બેંક આ ગ્રાહકને પૂર્વસૂચના આપ્યા વિના આ સુવિધા બંધ કરવાનો અધિકાર ધરાવે છે. ગ્રાહકોએ નોંધવું કે આંતરરાષ્ટ્રીય ફંડ ટ્રાન્સફર માટેની સ્થાયી સૂચનાઓ હાલમાં ઉપલબ્ધ નથી.

18. મોબાઇલ અલર્ટ્સ

જેમના મોબાઈલ નંબર બેંક સાથે નોંધાવેલા હોય તેવા તમામ ગ્રાહકો વિવિધ પ્રકારની બેંકિંગ લેવડદેવડ માટે મોબાઇલ અલર્ટ્સ મેળવવા હકદાર છે.

આ અલર્ટ્સ મુખ્યત્વે રોકડ ઉપાડ, રોકડ જમા, ફંડ ટ્રાન્સફર, ફંડ ક્રેડિટ, બેલેન્સ અલર્ટ્સ વગેરે માટે આપવામાં આવે છે. બેંક વારંવાર (અથવા નાણાકીય લેવડદેવડની ઘટના પર આધારિત) ગ્રાહકોને અલર્ટ્સ મોકલે છે (પુશ કરે છે), તે ઉપરાંત ગ્રાહકો નિર્દિષ્ટ માહિતી માટે પણ વિનંતી કરી શકે છે (પુલ કરી શકે છે).

બેંક ઘટના પછી તરત જ ગ્રાહકને માહિતગાર કરવા માટે સર્વોત્તમ પ્રયત્નથી આ અલર્ટ્સ મોકલે છે, જો કે, બેંક આ માટે વિવિધ તૃતીય પક્ષ સેવા પૂરી પડતાં માધ્યમો પર આધારીત છે. આ સંદર્ભમાં, વિલંબિત કે માહિતી ન મળવા બદલ બેંક જવાબદાર ગણાશે નહીં.

આ મોબાઇલ અલર્ટ્સ માટેના શુલ્ક પ્રોડક્ટ ફીચર્સ, ગ્રાહકનો બેંક સાથેનો સંબંધ અને શુલ્કની અનુસૂચિમાં દર્શાવ્યા મુજબ રહેશે. ચાર્જિસમાં સમય-સમય પર ફેરફાર થઈ શકે છે.

19. ઓવરડ્રાફ્ટ

ATMમાંથી રોકડ ઉપાડતા પહેલા, ડેબિટ કાર્ડ / ચિપ ડેબિટ કાર્ડથી મર્ચન્ટ POSએ અથવા નેટ બેંકિંગ દ્વારા અથવા લેવડદેવડનો અન્ય કોઈપણ ઉપલબ્ધ માર્ગ દ્વારા કોઈપણ લેવડદેવડ કરતા પહેલા, ચેક આપતા પહેલા અથવા ડિમાન્ડ ડ્રાફ્ટ માટે વિનંતી કરતા પહેલા તેના ખાતામાં હંમેશા પુરતું બેલેન્સ ઉપલબ્ધ છે કે કેમ તે સુનિશ્ચિત કરવાની જવાબદારી ગ્રાહકની જ રહેશે.

જો અપૂરતા બેલેન્સને કારણે બેંક ગ્રાહક દ્વારા કરવામાં આવેલી કોઈપણ લેવડદેવડનો અનાદર કરે, તો તે માટે બેંક જવાબદાર ગણાશે નહીં. જો આવી કોઈપણ લેવડદેવડનો અમલ કરવાથી ગ્રાહકના ખાતામાં ડેબિટ બેલેન્સ થાય, તો બેંક ખાતું ડેબિટ બેલેન્સમાં રહેલા સમયગાળા માટે 'ડેબિટ બેલેન્સ' રકમ પર લાગુ વ્યાજ વસૂલવાને સ્વતંત્ર રહેશે. ગ્રાહકે પોતાના ખાતામાં થયેલા ઓવરડ્રાફ્ટ પર બેંકના પ્રચલિત દરે વ્યાજ ભરવાનું રહેશે, ભલેને તે અગાઉથી કરેલી વ્યવસ્થા હેઠળ ન હોય. બેંક તેની વિવેકાધીનતાથી ગ્રાહકને કોઈ નોટિસ આપ્યા વિના આવા ડેબિટ બેલેન્સને ગ્રાહકના અન્ય વ્યક્તિગત અથવા સંયુક્ત ખાતાના કોઈપણ જમા રકમ સામે સરભર કરી શકે છે.

'ઓવરડ્રાફ્ટ' અંગે બેંક દ્વારા ગ્રાહકને આપવામાં આવેલી કોઈપણ અસ્થાયી રાહત પૂર્ણપણે બેંકની વિવેકાધીનતા પર આધારિત રહેશે અને તે ફક્ત તે જ વખતની સુવિધા તરીકે લાગુ થશે. જ્યાં સુધી બેંક અને ગ્રાહક વચ્ચે લેખિતમાં અન્યથા સ્પષ્ટપણે સંમત ન થવામાં આવ્યું હોય ત્યાં સુધી તેનો અર્થ એવો કરવો નહીં કે ભવિષ્યમાં આવી જ લેવડદેવડો માટે મંજૂરી મળી છે.

20. કલેક્શન સુવિધા

બેંક ગ્રાહકના નામે લખાયેલા ચેકને કલેક્શન માટે સ્વીકારે છે. બેંકની ચેક કલેક્શન નીતિ બેંકની 'ચેક/ઇન્સ્ટ્રુમેન્ટ્સના કલેક્શન વિષે નીતિ'થી નિયંત્રિત છે, જે શાખામાં ઉપલબ્ધ છે. ગ્રાહકે નોંધ લેવી કે સ્થાનિક ચેક અને બહારગામના ચેક સ્વીકારવાના બેંકના કટ-ઓફ સમય બેંક શાખાઓના નોટીસ બોર્ડ અને ડ્રોપ બોક્સ પર દર્શાવેલ છે.

ચેક ખરાબ થવો/ખોવાઈ જવાથી ગ્રાહકને નુકસાન પહોંચવું/ફાટી જવો/ટપાલ અથવા કુરિયરમાં વિલંબ થવા અંગે બેંક કોઈ જ જવાબદારી કે તેથી કોઈ દેવું સ્વીકારતું નથી. ચેક પરની સહીઓની પ્રામાણિકતા ચકાસવા અથવા તેની વસૂલાતમાં થયેલા વિલંબ માટે બેંકની કોઈ જવાબદારી નથી. જમા થયેલ રકમ ખાતામાં દેખાય છે.

21. ડોર-સ્ટેપ બેંકિંગ

ઇક્વિટાસ બેંક દ્વારા નિયુક્ત કરેલી સ્વતંત્ર એજન્સીઓ મારફતે ગ્રાહકોના "ડોરસ્ટેપ" પર બેંકિંગ સેવાઓ વિસ્તારી છે. આ સુવિધા ફક્ત ખાતાધારકો/મેન્ડેટધારકોને તેમના નોંધાયેલા સરનામે (બેંકના રેકોર્ડ મુજબ) જ આપવામાં આવશે અને દેશના નિશ્ચિત શહેરોમાં, શહેરી સીમાઓની અંદર ઉપલબ્ધ રહેશે. સ્થળની સીમા અને ડોરસ્ટેપ બેંકિંગ સેવાની સ્થિતિ બેંકનો એકમાત્ર અધિકાર છે અને તે અનેક પરિબળો જેવા કે વ્યવહારક્ષમતા અને યોગ્યતા ધરાવતી એજન્સીઓની ઉપલબ્ધતા પર આધારિત છે.

ગ્રાહકો નીચેની ડોરસ્ટેપ બેંકિંગ સેવાઓનો લાભ લઈ શકે છે.

- રોકડ પિક-અપ
- ચેક પિક-અપ
- રોકડ ડિલિવરી

ઉપરોક્ત દરેક સેવા માટે બેંકે સ્થાન મુજબ મર્યાદાઓ નક્કી કરી છે અને ગ્રાહકે પૂર્વનિર્ધારિત મર્યાદાઓનું પાલન કરવું પડશે. સેવાઓ માટેના ચાર્જિસ ચાર્જ અનુસૂચિમાં નિર્ધારિત કર્યા મુજબ ગ્રાહકો પાસેથી વસૂલવામાં આવે છે.

ડોરસ્ટેપ બેંકિંગની પ્રવૃત્તિઓ કરતા તમામ સ્ટાફ (વિવિધ એજન્સીઓના)ને વ્યક્તિગત ઓળખપત્રો આપવામાં આવે છે અને લેવડદેવડ કરતાં પહેલા તેમની ઓળખ ચકાસવાની એકમાત્ર જવાબદારી ગ્રાહકની જ રહેશે. ગ્રાહકના ખાતામાં લેવડદેવડો નોંધાયેલ જણાય થાય ત્યાં સુધી તેમણે પાવતીઓની નકલો સાચવીને રાખવાની રહેશે. કોઈપણ વિસંગતતા હોય તો ગ્રાહકોએ તરત જ નજીકની શાખાનો સંપર્ક કરવો જોઈએ અને જાણ કરવી જોઈએ.

રોકડ પિકઅપ અને ચેક પિકઅપની લેવડદેવડ પૂર્ણ કરવા માટે જરૂરી સમયની ગ્રાહકોએ આદરણા કરવી જોઈએ. આ બાબતો કરારમાં સ્પષ્ટપણે નિર્દિષ્ટ કરવામાં આવી છે. ગ્રાહકને તેમના ખાતામાંથી નાણાં ઉપાડ પછી જ રોકડ ડિલિવરીની પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે અને નાણાંની અનુપલબ્ધિનો અર્થ લેવડદેવડ પ્રક્રિયા થઈ શકશે નહીં.

ઇક્વિટાસ સ્મોલ ફાઇનાન્સ બેંક આ સેવાઓ ગ્રાહક અને બેંક વચ્ચે યોગ્ય રીતે 'ડોરસ્ટેપ બેંકિંગ કરાર' કર્યા બાદ જ પૂરી પાડે છે અને સેવાઓ, સમયમર્યાદા અને જવાબદારીઓ અંગેની તમામ વિગતો કરારમાં આપવામાં આવી છે. ગ્રાહકોએ તેનો કાળજીપૂર્વક અભ્યાસ કરીને દસ્તાવેજ પર હસ્તાક્ષર કરવાના હોય છે. ઇક્વિટાસ સ્મોલ ફાઇનાન્સ બેંક નોન-ડિલિવરી, નકલી ચલણી નોટો મળવી વગેરે જેવા કારણને લીધે થયેલા કોઈપણ નુકસાન સહિત પરંતુ તે પૂરતું મર્યાદિત ન રહેતા કોઈપણ મુદ્દાઓ માટે જવાબદાર ગણાશે નહીં.

22. TD સામે લોન

ઇક્વિટાસ સ્મોલ ફાઇનાન્સ બેંક તેના ગ્રાહકોને હયાત મુદત થાપણો સામે લોન સુવિધા પૂરી પાડે છે. આવા લોન અને અન્ય સંબંધિત ચાર્જિસ માટેના વ્યાજદરો બેંકની વેબસાઇટ પર ઉપલબ્ધ છે અને સમયાંતરે અપડેટ કરવામાં આવે છે.

ઇક્વિટાસ સ્મોલ ફાઇનાન્સ બેંક TD પર લોન આપવા માટે પોતાનો માર્જિન ધ્યાનમાં રાખે છે. આ માર્જિન સંબંધો અને અન્ય પરિબળોને આધારે ગ્રાહકદીઠ બદલાતા રહે છે. લોન મંજૂર થવા પર, આધારભૂત મુદત થાપણને લિયન (પૂર્વાધિકૃત) માર્ક કરવામાં આવશે જેનો અર્થ એ છે કે થાપણ લોનની સિક્યોરિટી છે.

થાપણો સામે આવી કોઈપણ લોન સુવિધા હયાત મુદત થાપણને TD સિક્યોરિટી તરીકે ગણે છે અને જો તે મુદત

TRUE COPY

NOTARY PUBLIC CHENNAI, TAMILNADU REGN. No. 8372 DATE OF EXPIRY 18-09-2029 GOVERNMENT OF INDIA

VIE SUPPORT LANGUAGE SERVICES PVT. LTD. CHENNAI

થાપણ જેના પર લોન મંજૂર કરવામાં આવી હતી તેને નિર્ધારિત ન્યૂનતમ પરિપક્વતા સમયગાળો પૂર્ણ થયા પહેલાં પરત ખેંચી લેવામાં આવે તે એડવાન્સ રકમને થાપણ સામેની લોન તરીકે ગણવામાં આવશે નહીં. ગ્રાહકોએ એ નોંધવું જોઈએ કે TD સામે લેવામાં આવતી લોન અને અન્ય લોન માટેના વ્યાજદરો અલગ છે.

23. ડોર્મેન્ટ એકાઉન્ટ

ઇક્વિટાસ એક એકાઉન્ટને નીચેના પ્રકારે વર્ગીકૃત કરી શકે છે:

• નિષ્ક્રિય - જો એકાઉન્ટમાં સળંગ 12 મહિના સુધી કોઈ ગ્રાહક-પ્રેરિત લેવડદેવડ ન હોય.

• ડોર્મેન્ટ - જો એકાઉન્ટમાં સળંગ 24 મહિના સુધી કોઈ ગ્રાહક-પ્રેરિત લેવડદેવડ ન હોય. એટલે કે એકાઉન્ટ નિષ્ક્રિય બન્યા પછી 12 મહિના સુધી કોઈ ગ્રાહક-પ્રેરિત લેવડદેવડ ન હોય.

ગ્રાહક-પ્રેરિત લેવડદેવડનો અર્થ એ છે કે ગ્રાહક દ્વારા તેના એકાઉન્ટમાં કરવામાં આવેલી કોઈપણ જમા અથવા ઉપાડ લેવડદેવડ જેમાં નીચેનાનો સમાવેશ થાય છે પરંતુ તેટલા પૂરતી જ મર્યાદિત નથી:

• રોકડ જમા અથવા ઉપાડ

• ATMમાંથી રોકડ ઉપાડ

• નેટ બેંકિંગ/મોબાઇલ બેંકિંગ/ફોન બેંકિંગ મારફતે કરવામાં આવેલી લેવડદેવડો

• ચેક અથવા અન્ય ઇન્સ્ટ્રુમેન્ટ્સ મારફતે કરવામાં આવેલી લેવડદેવડો

• ECS જમા અથવા ઉપાડ

• RTGS અને NEFT

• સ્થાયી સૂચનાઓ

જો કોઈ એકાઉન્ટને નિષ્ક્રિય અથવા ડોર્મેન્ટ તરીકે વર્ગીકૃત કરવામાં આવે તો આવા એકાઉન્ટમાં જમા અને ઉપાડને અસ્થાયીરૂપે નકારી શકાય છે. ગ્રાહક અને ગ્રાહકની (જ્યાં લાગુ પડતું હોય ત્યાં બધા સંયુક્ત ખાતાધારકોની) પ્રમાણભૂતતા સુનિશ્ચિત કરવા, KYC સંબંધિત દસ્તાવેજો ઇક્વિટાસ સ્મોલ ફાઇનાન્સ બેંક ની કોઈપણ શાખામાં સબમિટ કરવા આવશ્યક રહેશે. ઇક્વિટાસ સ્મોલ ફાઇનાન્સ બેંક આ પ્રક્રિયા દરમિયાન અને ગ્રાહકોને અસુવિધા ન પડે તે માટે, નિયમો સાથે બાંધછોડ કર્યા વગર જરૂરી તમામ સાવચેતીઓ રાખશે.

ડોર્મન્સી સમયગાળા દરમિયાન ગ્રાહક માટે ATM, ફોન બેંકિંગ, મોબાઇલ બેંકિંગ, ઓનલાઇન બેંકિંગ વગેરે જેવી અન્ય વૈકલ્પિક ચેનલો મારફતે લેવડદેવડો ઉપલબ્ધ રહેશે નહીં. એકાઉન્ટને માત્ર તો જ સક્રિય કરવામાં આવશે જો ગ્રાહક દ્વારા તે સંદર્ભમાં જરૂરી બધા જ KYC દસ્તાવેજો સાથે લેખિતમાં વિનંતી રજૂ કરી અને લેવડદેવડ શરૂ કર્યા કરવામાં આવશે.

24. નોમિનેશન

બચત ખાતા માટે નોમિનેશન સુવિધા ઉપલબ્ધ છે.
કોઈ પણ પ્રકારની ઓફિસમાં પદનું પ્રતિનિધિત્વ કરતી વ્યક્તિ દ્વારા સંચાલિત થતા ખાતાઓ માટે નામાંકનની સુવિધા ઉપલબ્ધ નથી.

ગ્રાહકને ખાતું ખોલતી વખતે, ખાસ કરીને વ્યક્તિગત ખાતા માટે નોમિનેશન વિગતો આપવા સલાહ આપવામાં આવે છે. જ્યાં વ્યક્તિગત ખાતા હોય અને ગ્રાહક કોઈ નોમિનેશન વિગતો આપવા ન ઇચ્છતો હોય, તો તેની નોંધ વિશેષ રીતે AOFમાં લેવામાં આવવી જોઈએ અને ગ્રાહકે તેને કાઉન્ટરસાઈન કરવું જોઈએ.

નોમિનેશન માત્ર એક વ્યક્તિના પક્ષમાં જ કરી શકાય છે.
જો નોમિની સગીર હોય, તો તેની સગીરાવસ્થા દરમિયાન દાવો કરવાની સ્થિતિમાં રકમ મેળવવા માટે અન્ય એક પ્રૌઢ વ્યક્તિની નિયુક્તિ કરવી જોઈએ.

સગીર ખાતાના કિસ્સામાં, સગીર તરફથી કાર્યવાહી કરવાનો કાયદેસરનો હક્ક ધરાવતી વ્યક્તિએ નોમિનેશન કરવું જોઈએ. સગીરના ખાતાઓ જે સગીર દ્વારા જ સંચાલિત હોય તેને નોમિનેશન સુવિધા આપવામાં આવતી નથી.

ગ્રાહક તેના જીવનકાળ દરમિયાન ખાતામાં નોમિની ઉમેરી શકે છે અથવા વર્તમાન નોમિનેશન વિગતોમાં ફેરફાર/સુધારા કરી શકે છે. સંયુક્ત ખાતાઓના કિસ્સામાં, નોમિનેશન વિગતોમાં કોઈપણ ફેરફાર માટે બધા ખાતાધારકોની મંજૂરી જરૂરી છે. નોમિનેશન કરતી વખતે અથવા નોમિનેશન વિગતોમાં ફેરફાર/બદલાવ કરતી વખતે એક સાક્ષીની જરૂર પડે છે અને નોમિનેશન ફોર્મમાં સાક્ષીની સહી ફરજિયાત છે.

ગ્રાહકે ખાતરી કરવી જોઈએ કે તેને નવા નોમિનેશન માટે અથવા વર્તમાન નોમિનેશન વિગતોમાં ફેરફાર/સુધારાને સમાવિષ્ટ કરવા જેવી તમામ વિગતોની સ્વીકૃતિ દર્શાવતી પાવતી મળી ગઈ છે.

વ્યક્તિગત ખાતા કિસ્સામાં ખાતાધારકના મૃત્યુ બાદ અથવા સંયુક્ત ખાતાના કિસ્સામાં બધા જ ખાતાધારકોના મૃત્યુ બાદ જ નોમિનીને બેંક પાસેથી લાગુ પડતી ચુકવણી મેળવવાનો અધિકાર છે.

25. મૃત્યુ અથવા અસક્ષમતા

એકમાત્ર ખાતાધારક મૃત્યુ પામે અથવા તેને અસક્ષમ ઘોષિત કરવામાં આવે તે કિસ્સામાં ખાતાની રકમ ફક્ત નોંધાયેલા નોમિનીને જ સોંપવામાં આવશે. કોઈ નોમિની નિયુક્ત કરવામાં આવ્યો ન હોય, તો બેંકને કિસ્સા દર કિસ્સા મુજબ મામલો લેવો પડી શકે છે અને રકમ ફક્ત કાયદેસર વારસદારને અથવા કોર્ટ દ્વારા નિયુક્ત વ્યક્તિને જ સોંપવામાં આવશે.

જો સંયુક્ત ખાતાધારકોમાંના કોઈનું અથવા ખાતાના અધિકૃત હસ્તાક્ષરકર્તાનું મૃત્યુ થાય અથવા તેમને અસક્ષમ ઘોષિત કરવામાં આવે તો ગ્રાહકે તરત જ બેંકને જાણ કરવી જોઈએ.

ઇક્વિટાસ તેવા ખાતાઓને ફ્રીઝ કરી શકે છે અને ઉત્તરાધિકારીની ઓળખ અને યોગ્યતા બેંકને સંતોષજનક રીતે ન થાય ત્યાં સુધી તમામ ઓપરેશન બંધ કરી શકે છે.

26. શરતોમાં ફેરફાર

RBI/GOIમાંથી કોઈપણ નિયમો/નિયમોમાં ફેરફારને કારણે બેન્ક દ્વારા કોઈપણ સુવિધા/ઉત્પાદન ઉમેરવા કે દૂર કરવા અથવા હયાત નિયમો અને શરતો સુધારવા જેવા બેંકને યોગ્ય જણાય તેવા કોઈપણ કારણોસર નિયમો અને શરતો બદલવામાં આવી શકે છે.

બેંક સમયે-સમયે પોતાની સંપૂર્ણ વિવેકાધીનતાથી નિયમો અને શરતો બદલી શકે છે. આ ફેરફારો જેવા કે નવી નિયમો અને શરતો ઉમેરવા, હયાત નિયમો અને શરતો દૂર કરવા, હયાત નિયમો અને શરતો માં સુધારા કરવા હોઈ શકે પરંતુ એટલાથી સીમિત ન હોઈ શકે.

બેંક તેની વેબસાઈટ પર અથવા સંપર્કના કોઈપણ અન્ય ઉપલબ્ધ માર્ગ દ્વારા ફેરફારોની જાણકારી આપી શકે છે. નિયમિત રીતે બેંકની વેબસાઇટ તપાસીને નિયમો અને શરતો થી માહિતગાર રહેવાની ગ્રાહકની જવાબદારી છે.

27. નોન-ટ્રાન્સફેબિલિટી

કોઈપણ સંજોગોમાં ખાતા અને બેંક દ્વારા ગ્રાહકોને પૂરી પાડવામાં આવતી સેવાઓ ટ્રાન્સફર નહીં કરી શકાય અને તે ફક્ત ગ્રાહક દ્વારા જ ઉપયોગમાં લેવાની રહેશે. તેમ છતાં, બેંક કોઈપણ અન્ય વ્યક્તિને તેના અધિકારો, લાભો અથવા જવાબદારીઓ ટ્રાન્સફર કરવા, સોંપવા અથવા વેચવાનો અધિકાર અનામત રાખે છે અને બેંકના ઉત્તરાધિકારીઓ અને સોંપનારના લાભ માટે આ નિયમો અને શરતો યથાવત રહેશે.

28. નોટિસ

ખાતા, ખાતા સાથે સંકળાયેલી સેવાઓ અને સુવિધાઓ સંબંધિત નોટિસો ઇક્વિટાસ દ્વારા ગ્રાહકોના નોંધાયેલા ઈમેઈલ સરનામાંઓ પર ઈમેઈલ મારફતે અથવા ગ્રાહકોના નોંધાયેલા મેઈલિંગ સરનામાં પર પત્ર મોકલીને આપી શકાય છે. ઇક્વિટાસ વેબસાઈટ પર નોટિસ પોસ્ટ કરીને અથવા શાખાઓમાં પ્રદર્શિત કરીને કોઈપણ નોટિસ આપી શકે છે અને તે ગ્રાહક દ્વારા પ્રાપ્ત થઈ ગઈ હોવાનું માનવામાં આવશે.

29. રાહત

ઇક્વિટાસ સ્મોલ ફાઇનાન્સ બેંક ગ્રાહકને વિવિધ ચેનલો – શાખામાં પ્રદર્શન, બેંક વેબસાઈટ, નિયમો અને શરતો અને ભૌતિક મેઇલર્સ મારફતે અગાઉથી જ જણાવેલા ચાર્જના શેડ્યુલ મુજબ જ ખાતા પર ચાર્જ લેવામાં આવે છે. આ ચાર્જને કોઈપણ સંજોગોમાં માફ કરી શકાતા નથી. કોઈપણ રાહત બેંકનો અંતિમ અધિકાર છે અને તકનીકી કારણોસર ખાતામાં કોઈપણ વિસંગતતા/જમા રકમમાં ભૂલ વગેરેના કિસ્સામાં જ લાગુ પડી શકે છે. ગ્રાહકો માટે એ આવશ્યક છે કે તેઓ આવી કોઈપણ વિસંગતતાની સુધારણા માટે નિર્ધારિત સમયગાળા દરમિયાન બેંકને જાણ કરે. ગ્રાહકો સંપર્ક વિભાગ અથવા તેમની સંબંધિત શાખામાં બેંકનો સંપર્ક કરી શકે છે અને સુધારણા માટે જરૂરી સમય આપી શકે છે.

30. નુકસાની

ખાતા અથવા બેંકની સેવાઓનો દુરુપયોગ થવાથી થતાં કોઈપણ નુકસાન માટે ગ્રાહકે ઇક્વિટાસને નુકસાની આપવી પડશે.

ખાતા અથવા સેવાઓ સાથે સંકળાયેલ કોઈપણ નુકસાન માટે અથવા આ નિયમોમાં સમાવિષ્ટ કોઈપણ જવાબદારીને પૂર્ણ કરવામાં નિષ્ફળતા માટે અથવા ગ્રાહક દ્વારા સહન કરવામાં આવેલા કોઈપણ નુકસાન અથવા ખોટ માટે ઇક્વિટાસ ગ્રાહક પ્રત્યે જવાબદાર રહેશે નહીં.

ઇક્વિટાસ સાથે તેના/તેણીના ખાતા સાથે સંકળાયેલ કોઈપણ ક્ષેત્રાધિકાર હેઠળ તમામ લાગુ કાયદાઓ અને નિયમોનું સંપૂર્ણ પાલન સુનિશ્ચિત કરવાની જવાબદારી માત્ર ગ્રાહકની રહેશે અને ઇક્વિટાસને આવા કોઈપણ લાગુ કાયદાઓ અને નિયમોનું પાલન કરવામાં નિષ્ફળતા સંબંધિત કોઈપણ પગલાં, કાર્યવાહી દાવો, નુકસાન, ખર્ચાઓ અને કિમતથી મુક્ત રાખવામાં આવશે

TRUE COPY

## નિયમો અને શરતો

ઉપર મુજબની નુકસાનીની ભરપાઈ ખાતા બંધ થવા છતાં યથાવત રહેશે. જો કોઈપણ લેવડ દેવડ નિષ્ફળ જાય અથવા બેંક તરફથી કોઈ નિયમો હેઠળ જવાબદારીઓ બજાવવામાં નિષ્ફળતાના કારણે પૂર્ણ ન થઈ શકે અથવા કોઈપણ ખાસ સેવાઓ/સુવિધાઓની નિષ્ફળતાના કારણે કોઈ કામગીરી અટકાવવામાં આવી હોય, અવરોધિત થઈ હોય અથવા વિલંબિત થઈ હોય, તો તે સમય માટે તેની જવાબદારીઓ, પ્રતિકુળતા ચાલુ રહે ત્યાં સુધી મુલતવી રહેશે.

31. કરજમુક્ત

ગ્રાહકે ખાતરી કરવી આવશ્યક રહેશે કે ખાતા પર (ખાતામાં ઉપલબ્ધ જમા સહિત) કોઈપણ કરજ/ત્રીજા પક્ષ માટે બેંક સાથે સ્પષ્ટ લેખિત કરાર વિના પરવાનગી આપવામાં આવતી નથી.

32. નિયામક કાયદો અને કાનૂની અધિકારક્ષેત્ર

બેંકમાં રાખવામાં આવેલ ખાતાઓનું ઓપરેશન અથવા બેંક દ્વારા તેના ગ્રાહકોને પૂરી પાડવામાં આવતી સેવાઓ માટે નિયમો અને શરતો માત્ર રીપબ્લિક ઓફ ઈન્ડિયાના કાયદાઓ દ્વારા શાસિત થશે. કોઈપણ વિવાદો/દાવાઓ/મુદ્દાઓ ચેન્નઈના અધિકારક્ષેત્રની અદાલતો/ટ્રિબ્યુનલોમાં લાવવામાં આવશે. તેમ છતાં, બેંક કોઈપણ ગ્રાહક સામે કોઈપણ અદાલતો/ટ્રિબ્યુનલો/સત્તામંડળો સમક્ષ કાર્યવાહી શરૂ કરવાનો અધિકાર અનામત રાખે છે અને ગ્રાહક અહીં તે અધિકારક્ષેત્રને મંજૂરી આપે છે.

જો આ નિયમો અને શરતો ની કોઈપણ જોગવાઈ કાનૂની રીતે બિનઅસરકારક/લાગુ ન થઈ શકે/પ્રતિબંધિત થાય, તો તેવા અમલ ના થઈ શકે તેવા સંજોગમાં માત્ર જણાવેલ જોગવાઈ લાગુ પડશે અને નિયમો અને શરતો ની બાકીની જોગવાઈઓને અમાન્ય ગણાશે નહીં.

33. માહિતી શેરિંગ/ખુલાસો

ગ્રાહક બેંક સાથે કોઈપણ ખાતું ખોલીને અને જાળવીને બેંકને એવી કોઈપણ એન્ટિટીને ગ્રાહક ખાતા/વ્યક્તિગત માહિતી શેર કરવા/ખુલાસો કરવાનો અધિકાર આપે છે જેને આવી માહિતી પ્રાપ્ત કરવાનો અધિકાર છે, જેમાં આ સમાવિષ્ટ હોઈ શકે છે પરંતુ તેના પૂરતું સીમિત નથી:

1. ભારતીય રિઝર્વ બેંક (RBI)

2. ભારત સરકાર તેના અધિકૃત પ્રતિનિધિ/સંસ્થા મારફતે

3. તમામ કોર્ટ/તપાસ એજન્સીઓ

4. સિક્યોરિટી એક્સચેંજ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI)

5. સ્ટોક એક્સચેન્જના અધિકૃત પ્રતિનિધિઓ

6. ઓડિટરો, વ્યાવસાયિક સલાહકારો

7. ત્રીજા પક્ષના સેવા પ્રદાતાઓ જેમની સાથે બેંકે 'સેવાઓ/ઉત્પાદનો' પર કાનૂની કરાર હાથ ધર્યો છે અને જેમને માહિતી પ્રાપ્ત કરવાની જરૂર પડી શકે.

8. કોઈપણ અન્ય કાનૂની એન્ટિટી/અધિકૃત વ્યક્તિ જે આવી માહિતી માટે હકદાર છે

9. ક્રેડિટ ઇન્ફોર્મેશન બ્યુરો

બેંક પાસે ઉપલબ્ધ જે કોઈપણ સ્રોતો મારફત બેંકને યોગ્ય જણાય તે મુજબ ગ્રાહક અથવા તેના ખાતા/નાણાકીય સ્થિતિ વિશેની કોઈપણ અન્ય માહિતી મેળવવાનો અધિકાર અનામત રાખે છે.

ઇક્વિટાસ સ્મોલ ફાઇનાન્સ બેંક સેવા અને પ્રમોશનલ પ્રવૃત્તિઓ માટે ગ્રાહકના સંપર્કની વિગતોનો ઉપયોગ કરે છે. આ માટે ઇક્વિટાસ ગ્રાહકની આ માહિતી બેંકની ગ્રુપ કંપની(ઓ)ની અન્ય શાખા અથવા અન્ય કોઈપણ ત્રીજા પક્ષ જેની સાથે શરતો (ઇક્વિટાસ દ્વારા પૂરી પાડવામાં આવેલી ગ્રાહકની માહિતીના ઉપયોગ વિષે) થી બંધાયેલા છે તેમની સાથે શેર કરી શકે છે. ઇક્વિટાસ સ્મોલ ફાઇનાન્સ બેંક ખાતું ખોલતી વખતે આ પાસાં પર ગ્રાહકની સ્પષ્ટ સંમતિ લે છે.

મેં/અમે ESFB સાથે ખાતું ખોલવાને લગતા નિયમો અને શરતો વાંચ્યા છે અને સમજ્યા છે. હું/અમે સમજીએ છીએ કે (a) ATM, (b) ફોન બેંકિંગ, (c) ડેબિટ કાર્ડ્સ, (d) મોબાઇલ બેંકિંગ, (e) નેટ બેંકિંગ, (f) બિલ ભરણી સુવિધા, (g) ઇન્સ્ટા અલર્ટ સુવિધા, (h) ઈમેઈલ સ્ટેટમેન્ટ સહિત, પરંતુ તે પૂરતી સીમિત ન હોય એવી વિવિધ સેવાઓને લગતા વિગતવાર નિયમો અને શરતો સંદર્ભ માટે વેબસાઈટ પર ઉપલબ્ધ છે અથવા હું/અમે શાખામાંથી નિયમો અને શરતો ની નકલ મેળવવા માટે વિનંતી કરી શકીએ છીએ. હું/અમે સમજીએ છીએ કે આ ખાતા/સંબંધ અંગે લાગુ પડતા નિયમો અને શરતો માં કોઈપણ પ્રાપ્ય ફેરફાર/અપડેટ્સ માત્ર વેબસાઈટ (www.equitasbank.com) પર જ ઉપલબ્ધ રહેશે.

TRUE COPY

NOTARY PUBLIC ★ GOVERNMENT OF INDIA ★
K.S. VIJAYAKUMAR
CHENNAI, TAMILNADU
REGN. No.14572
DATE OF EXPIRY
18-09-2029

13/12/2024

K.S. VIJAYAKUMAR M.A.,B.L.
ADVOCATE & NOTARY PUBLIC
GOVERNMENT OF INDIA
4/7, IBRAHIM 1st STREET, CHENNAI
Cell: 9841373276

VIE SUPPORT LANGUAGE SERVICES PVT. LTD. ★ CHENNAI ★